# Gyan Amrit
# ज्ञानामृत

Vol.17 - Issue 03
March 2024
Price 15/-

HAPPY
## MAHA SHIVRATRI





रंगों के पावन
महापर्व
## होली
की हार्दिक बधाई एवं
शुभकामनाएं







સુરત વેલંજાના કાર્યક્રમમાં પધારેલ ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસુરીયાને સ્મૃતિચિન્હ આપતાં આદરણીય ભારતીદીદી સાથે બ્ર.કુ. રંજનબેન અને બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે આયોજીત 'રામજન્મભૂમિ મહોત્સવ' કાર્યક્રમમાં દીપ પ્રજ્જવલન બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નંદાબેન તથા અન્ય.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્રમાં પધારેલ અધિક મુખ્ય પ્રશાસિકા આદરણીય જયંતી દીદીજી સાથે બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. લલિતભાઈ, લંડનથી પધારેલ બ્ર.કુ. મીનાબેન.



ગાંધીનગર ખાતે 'ખુલ્લી કિતાબ ન્યુઝ પોર્ટલ'નું શુભારંભ કરતાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત ઝા, MLA રીટાબેન, પ્રેસ સચિવ ભ્રાતા હીરેન ભટ્ટ, ભ્રાતા નિલેશ કટારીયા, બ્ર.કુ. તારાબેન.



અબ્રામામાં 'વ્યાપારી સંમેલન – તનાવ ઘટે વ્યાપાર વધે' કાર્યક્રમમાં બીલ્ડર ભ્રાતા રાકેશભાઈ જૈન, અગ્રણી વ્યાપારી ભ્રાતા ચિરાગ દેસાઈ, બ્ર.કુ. શ્રેયાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંગીતાબેન.



મેંદરડામાં 'પીસ પાર્ક'ના ભૂમિપૂજન કાર્યક્રમમાં MLA ભ્રાતા રમેશભાઈ ધડુક, જીલ્લા પંચાયતના પ્રમુખ ભ્રાતા હરેશભાઈ ઠુમ્મર, બ્ર.કુ. બીનાબેન, બ્ર.કુ. ઈલાબેન અને બ્ર.કુ. ગીતાબેન.



પોરબંદરમાં શ્રી વલ્લભપ્રભુ સત્સંગ મંડળ તથા સદ્ભાવના સેવામંડળ દ્વારા આયોજીત 'બાળ ભક્તિ ગીત ઉત્સવ' કાર્યક્રમમાં પધારેલ શ્રી પૂજ્ય ગો ૧૦૮ શ્રી વસંત રાયજી મહારાજ, નગરપાલિકાના  પ્રમુખ ભગિની ચેતનાબેન તિવારી, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. લીનાબેન તથા ૫૦ સહભાગી બાળ કલાકારો સાથે સભામાં ઉપસ્થિત નગરજનો.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૭ માર્ચ - ૨૦૨૪ અંક : ૦૩

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- મહાશિવરાત્રિનું આધ્યાત્મિક રહસ્ય ..........તંત્રી સ્થાનેથી ..04
- રાજયોગિની ચંદ્રિકાદીદી 'ધરતીરત્ન' ........................ ..06
- મારા કર્મો માટે હું જ જવાબદાર છું............................ ..07
- અલૌકિક જીવન ઈશ્વરીય મોજનું જીવન .........બ્ર.કુ. સૂર્ય ..08
- સ્વયં જ સ્વયંનું નિરીક્ષણ કરી જીવનમાં ..બ્ર.કુ. ગીતાબેન ..10
- મન લોકોના પ્રત્યે આભારના ભાવથી ....બ્ર.કુ. ડો. સચિન ..12
- પરિસ્થિતિઓનો સામનો કરવાથી ...........બ્ર.કુ. ઉષાબેન ..13
- પરમાત્મા સર્વવ્યાપી નથી .....................બ્ર.કુ. જગદીશ ..14
- પ્રભુને પત્ર ...........................................બ્ર.કુ. ઉમેશ ..17
- સ્વયંમાં અને શિક્ષણમાં સદ્ભાવના ......બ્ર.કુ. નલિનીબેન ..18
- શિવરાત્રીની અનુપમ વિધિ ......................બ્ર.કુ. વિવેક ..23
- દાદા વિશ્વકિશોરજી (ભાઉ)......................બ્ર.કુ. હેમંત ..24
- બ્રહ્માકુમારી બત્રીસા............................બ્ર.કુ. કરમશી ..29
- દિવ્યદર્શન - ભગવાન આવ્યા છે .............બ્ર.કુ. નંદિની ..30
- શિવ લખાવે ખત ..............................બ્ર.કુ. જૂનાગઢ ..33
- શબ્દાવલી ........................................................ ..34



**2024ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**

તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરીથી બધા અંક મળશે. મેમ્બર બનવા નીચે આપેલ બેંક ખાતાનો ઉપયોગ કરી લવાજમ ઓનલાઈન, રોકડા, ચેક કે ડી.ડી.થી ભરી શકાશે. Gpay, Phone Pay કે મોબાઈલ નંબર ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરશો નહીં.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# મહાશિવરાત્રિનું આધ્યાત્મિક રહસ્ય

ભારતની ભૂમિ એ વિભિન્ન તહેવારોની ભૂમિ છે. ભારતમાં રાજકીય, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક તહેવારો આવે છે જે માનવને સુખ, શાંતિ, આનંદ, પ્રસન્નતા, દાન અને ભાઈચારાનો સંદેશ આપે છે.

આ સર્વ તહેવારોનો શિરોમણિ તહેવાર છે મહાશિવરાત્રિ. સતયુગ અને ત્રેતાયુગને બ્રહ્માનો દિવસ કહેવાય છે. શિવનો અર્થ છે કલ્યાણકારી.

જ્યારે ધરતી ઉપર નૈતિક, ચારિત્ર્યિક અધઃપતન, પાપાચાર, ભ્રષ્ટાચારની અતિ થાય છે ત્યારે કલિયુગમાં પરમાત્માને પોકારીએ છીએ. કલિયુગનાં લક્ષણો આ પ્રમાણે છે. સદાચાર હીન વ્યાપાર, વિવેકશૂન્ય વિજ્ઞાન, પ્રેમ વગરની પ્રભુતા, અંધશ્રધ્ધાયુક્ત ભક્તિ, ધર્મના નામે હિંસા વગેરે માનવજાત અતિ દુઃખી થઈને પરમાત્માને પોકારે છે. ભગવદગીતામાં ઉલ્લેખ છે.

‘હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું. સત્પુરુષોના રક્ષણ માટે દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રકટું છું. અર્થાત્ ઈશ્વરીય મહાવાક્ય અનુસાર કલિયુગના અંત અને સતયુગના આદિ વચ્ચેના સંગમયુગમાં દિવ્ય અવતરણ કરું છું.

ગીતાના અધ્યાય 9ના શ્લોક 11માં લખ્યું છે કે, ‘મારા પરમભાવને ન જાણનાર મૂઢ લોકો મનુષ્ય શરીરમાં રહેલા સમસ્ત ભૂતોના ઈશ્વર એવી મારી અવજ્ઞા કરે છે.’

હવે પરમાત્માની યથાર્થ ઓળખાણ જોઈએ.

(1) ભગવાન એ હોઈ શકે છે જે સર્વમાન્ય હોય.

(2) પરમાત્મા એ છે જે સર્વોચ્ચ હોય.

(3) પરમાત્મા એને કહેવાય જે સર્વોપરી હોય.

(4) પરમાત્મા એને કહેવાય જે સર્વજ્ઞ હોય.

(5) પરમાત્મા એને કહેવાય જે સર્વ ગુણોના સાગર હોય. પરમાત્મા અજન્મા, અકર્તા, અભોક્તા. જેઓ માતાના ઉદરથી જન્મ્યા ન હોય. જેમને માતા-પિતા, ગુરુ કે શિક્ષક ન હોય. જેઓ નિરાકાર જ્યોર્તિબિંદુ સમાન છે. ભક્તોના પૂજન માટે તેને શિવલિંગનું પ્રતીક આપ્યું છે.

પરમાત્મા જે સાધારણ અનુભવી વૃદ્ધ તનનો આધાર લે છે તેઓ દાદા લેખરાજ હીરા, ઝવેરાતના વેપારી હતા. કૃષ્ણનો આત્મા છેલ્લા જન્મમાં તેઓ હતા. પરમાત્મા એમના તનનો આધાર લઈ દિવ્ય અવતરણ કરે છે. એમના માધ્યમના મરજીવા જન્મનું નામ પ્રજાપિતા બ્રહ્મા આપવામાં આવે છે.

શિવરાત્રિનો ઉત્સવ હતો. મધરાતે બાબા ઉઠીને પોતાના ઓરડામાં ગયાં. એમની પાછળ એમનાં પુત્રવધૂ વૃજઈન્દ્રાદાદી ગયાં. તેમણે જોયું કે ઓરડો લાલ પ્રકાશમય બની ગયો હતો. એક જ્યોતિ બાબાના મસ્તિષ્કમાં પ્રવેશી બાબાના મુખમાંથી શબ્દો સરી પડ્યા.

निजानंद स्वरुपं शिवोऽहम् शिवोऽहम्

ज्ञान स्वरुपं शिवोऽहम् शिवोऽहम्

प्रकाश स्वरुपं शिवोऽहम् शिवोऽहम्

પરમાત્માના અવતરણની કોઈ તિથિ તારીખ નથી. પણ પરમપિતા શિવ પરમાત્મા છેલ્લાં 88 વર્ષથી સતયુગની સ્થાપના કરવાનું કાર્ય કરી રહ્યા છે.

વિભિન્ન ધર્મોમાં નિરાકાર પરમપિતા

શિવને પૂજે છે. રાવણે શિવની તપસ્યા કરીને વિભિન્ન શક્તિઓ મેળવી હતી. તેથી રામે રામેશ્વરમ્માં શિવની પૂજા કરીને રાવણને મારવાની શક્તિ મેળવી હતી.

આકારી દેવતા શંકર પણ શિવપિતાનું ધ્યાન કરે છે. શિવ રચયિતા છે. શંકર એમની રચના છે. આમ શિવ અને શંકર ભિન્ન ભિન્ન છે. શિવનું પ્રતીક શિવલિંગ છે જ્યારે શંકર આકારી દેવતા છે. મહાભારતના યુદ્ધના પહેલાં ગોપેશ્વરમાં કૃષ્ણે અને પાંડવોએ એમની પૂજા કરી હતી. શીખ ધર્મમાં નિરાકાર પરમાત્માને નિરાકાર, નિર્વેર, સતનામ કહ્યા. ગુરુ નાનક હંમેશાં પરમાત્મા માટે ઊંચી આંગળી કરતા હતા. મુસ્લિમ (ઈસ્લામ) ધર્મમાં મક્કાની હજયાત્રા કરવામાં આવે છે. જ્યાં સંગ એ અવસદ નામનો પથ્થર છે. જેને નૂર - એ - ઈલાહી કરે છે. તેની બંદગી કરે છે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈશુ ખ્રિસ્તે કહ્યું ગોડ ઈઝ લાઈટ, આઈ એમ ધ સન ઓફ ગોડ. દેવળમાં મોટી મીણબત્તી સળગાવવામાં આવે છે જે પરમ જ્યોતિ પરમાત્માની સૂચક છે. બેબીલોન, મિશ્ર, યૂનાન અને ચીનમાં કોઈ સમયે શિવની માન્યતા કોઈને કોઈ નામથી હતી. બેબીલોનમાં શિવને 'શિઉન' કહેવામાં આવે છે. રોમમાં પ્રિયપ્સ કહેવાય છે.

ભારતમાં ખૂણે ખૂણે શિવની યાદગાર છે. પૂર્વ (કાશીમાં) વિશ્વનાથ, ઉત્તરમાં અમરનાથ દક્ષિણમાં રામેશ્વર, પશ્ચિમમાં સોમનાથ, ઉજ્જૈયિનીમાં મહાકાલેશ્વર, હિમાલયમાં કેદારનાથ, હિસ્સારમાં વૈદ્યનાથ, મધ્યપ્રદેશમાં ઓંકારનાથ, દ્વારકામાં નાગેશ્વર આદિ શિવલિંગ આવેલાં છે. શિવ પર ચઢાવાતાં બીલીપત્રો ત્યાગ, તપસ્યા અને સેવાનાં સૂચક છે.

હવે શિવાલયની વાત કરીએ તો શિવ લિંગની સ્થાપના ઉપરના ભાગમાંથી નીચે લાવીને કરવામાં આવે છે. એથી સ્પષ્ટ છે કે પરમાત્મા સૂર્ય, ચંદ્ર, તારાગણથી પણ પાર આવેલા પરમધામથી દિવ્ય અવતરણ કરે છે. જ્યારે દેવી-દેવતાઓની મૂર્તિઓને બારણામાંથી લાવીને સ્થાપના કરવામાં આવે છે. શિવપિતા ગુપ્ત રૂપે સતયુગની સ્થાપનાનું કાર્ય કરે છે. તેથી શિવલિંગ ગર્ભગૃહની નીચેના ભાગમાં રાખવામાં આવે છે.

શિવલિંગ ઉપર ત્રણ રેખાઓ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની યાદગાર છે. વચ્ચેનું બિંદુ પરમાત્મા શિવની યાદગાર છે. તેમજ પરમાત્મા ત્રિકાલદૃષ્ટિ, ત્રિનેત્રી છે. શિવલિંગ ઉપર ઘટમાંથી પાણી ટપકે છે. જે જ્ઞાનના મનન મંથનની યાદગાર છે. શિવાલયમાં પોઠિયો હોય છે જે પરમાત્માએ લીધેલ માનવ માધ્યમની યાદગાર છે. કાચબો એવા યોગીની યાદગાર છે. જે પોતાનાં કર્મો કર્યા પછી બુદ્ધિને સમેટી લઈને પરમાત્માની યાદમાં રહે છે.

શિવરાત્રિએ કંદમૂળ ખાવામાં આવે છે જે જિહ્વારસ પરનું નિયંત્રણ છે. ભાંગ પીવી તે અતીન્દ્રિય સુખની યાદગાર છે. ઉપવાસ એ બુદ્ધિથી પરમાત્માની સમીપ રહેવાની યાદગાર છે. વર્ષમાં માત્ર શિવરાત્રિએ જાગરણ કરવું તે અપર્યાપ્ત છે. માનવના શિરે 63 જન્મોનાં કર્મનાં બંધનો છે. જેને કાપવા માટે સતત આત્માની જ્યોતિ જગાવીને પરમાત્માને નિરંતર યાદ કરવાના છે. શિવાલયનો ઘંટ એ આત્મિક જાગૃતિનું સૂચન કરે છે.

પરમપિતા પરમાત્માની અવતરણ ભૂમિ ભારતવર્ષ અધ્યાત્મ પ્રધાન દેશ છે. આ તપોભૂમિ રાજઋષિઓ અને આત્માભિમાની દેવી-દેવતાઓની પુણ્યભૂમિ છે. વિકારોની જ્વાળાઓ દગ્ધ કરીને વિશ્વને પ્રેમ, શાંતિ અને અહિંસાનો સંદેશ આપનાર આ દેશ છે.

**(અનુસંધાન પેજ નં. 28 પર)**

# રાજયોગિની ચંદ્રિકાદીદી 'ધરતીરત્ન' પુરસ્કારથી સન્માનિત




સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ઓડિટોરિયમ શાહીબાગ, અમદાવાદમાં આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'ધરતી રત્ન પુરસ્કાર વિતરણ' સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પંડિત દ્વારા મહાદેવનગર, બ્રહ્માકુમારીઝ સબઝોન સંચાલિકા, **'યૂથવીંગના ઉપાધ્યક્ષ તથા કલા અને સંસ્કૃતિ વીંગના અધ્યક્ષ' રાજયોગિની બ્ર.કુ. ચંદ્રિકાદીદીનું 'ધરતી રત્ન પુરસ્કાર'**થી સન્માન કરવામાં આવ્યું.

રાજયોગિની ચંદ્રિકાદીદીએ પ્રજાપિતા બ્રહ્માબાબાની પાલના લઈને બાબા દ્વારા વરદાનોની પ્રાપ્તિ કરી. વર્તમાન સમયે આપ સંસ્થાની મધ્યસ્થ સમિતિનાં સભ્ય છે. સંસ્થામાં સેવા આપતા એમણે ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ દ્વારા યૂથ વીંગને ઘણી ઊંચાઈએ લઈ ગયાં છે. 'ટચ દ લાઈટ' દ્વારા શાળાઓમાં આધ્યાત્મિક જ્ઞાન આપવાનો પુરુષાર્થ કર્યો જે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ થયો. પોઝીટીવ ચેન્જ જેવા ભિન્ન ભિન્ન કોર્સનું આયોજન કર્યું.

રાજયોગિની ચંદ્રિકાદીદી પ્રખર તપસ્વિની છે. એમના મુખારવિંદ પર પ્રસન્નતા અને દિવ્યતાની ઝલક દેખાઈ છે. શ્રોતાઓને ભાવવિભોર બનાવી દે તેવી તેમની પ્રભાવશાળી વક્તૃત્વકલા છે. એમણે હોસ્ટેલ દ્વારા અનેક બ્રહ્માકુમારી બહેનોને તૈયાર કર્યાં છે. અમૃતપર્વ પછી પણ યુવાનોને શરમાવે તેવી ધગશથી 40 સેવાકેન્દ્રોનું સંચાલન કરે છે. આ પહેલાં પણ આપ ગુજરાત ગૌરવ એવોર્ડ દ્વારા વિધાનસભાના અધ્યક્ષ દ્વારા સન્માનિત થયા હતાં.

આ કાર્યક્રમમાં માનવ સેવા માટે કાર્ય કરતા 14 અન્ય વિભૂતિઓનું સન્માન કરવામાં આવ્યું. સ્વાસ્થ્ય સેવાઓના ક્ષેત્રમાં છેલ્લા 47 વર્ષોથી કાર્ય કરતા આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આ સન્માન સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે નિ:સ્વાર્થ ભાવથી સમાજની સેવા કરનારા લોકોનું સન્માન કરવું એ સમાજનું કર્તવ્ય છે. આવા સન્માનથી બીજાઓને પણ સેવા કરવાની પ્રેરણા મળે છે. અનાજના દાણા ધરતીમાં વાવીને ઘણું અનાજ મેળવીએ છીએ. માનવ સેવા પ્રતિ સમર્પિત લોકો સુંદર સમાજનું નિર્માણ કરે છે.

એમણે 'ધરતી રત્ન પુરસ્કાર'થી સન્માનિત મહાનુભાવોને એમનાં કાર્યો બદલ અભિનંદન આપ્યા. આવાં કાર્યોને એમણે સાચી માનવતા જણાવતાં કહ્યું કે બીજાઓના દર્દને પોતાના દિલમાં અનુભવવાં પોતાની આંખોમાં બીજાઓ માટે આંસુ વહાવવાં અને પરોપકારમાં જીવવું એજ જીવનની સાર્થકતા છે. શ્રી રામ, શ્રી કૃષ્ણ, મહાત્મા ગાંધી, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ આજે પણ અમર છે. આ શ્રેષ્ઠ કર્મોનું પરિણામ છે. સારા કર્મોનું ફળ સુખ અને ખરાબ કર્મોનું ફળ દુ:ખ અને પરેશાની છે.

**॥ ઓમશાંતિ ॥**

# મારા કર્મો માટે હું જ જવાબદાર છું

મારા કર્મો માટે હું જ જવાબદાર છું. સંકલ્પ પણ મારા મનમાં ઉઠ્યા હતા અને એને સાકાર રૂપ મારી કર્મેન્દ્રિયોએ આપ્યું હતું. માની લો કે બીજી વ્યક્તિના અસહયોગને કારણે મારાથી ભૂલ થઈ ગઈ. અમે સારું કામ કરી રહ્યા હતા છતાં એ વ્યક્તિએ અમને મદદ ના કરી, તો હું આત્મા કમજોર પડી ગયો. જો તે વ્યક્તિ સહયોગ આપતો તો હું મજબૂત રહેતો, હલતો નહીં.

આતો એવું લાગે છે કે આપણે એના હાથનાં મહોરાં છીએ. અમારા જીવન માટે તે વૃક્ષ છે અને અમે એના સહારે ચઢનાર વેલ છીએ. જો વૃક્ષ હલ્યું તો આપણે હલ્યા. વૃક્ષ પડ્યું તો આપણે પડ્યા. વૃક્ષ સૂકાઈ ગયું, તો આપણે સૂકાઈ ગયા. વૃક્ષ કપાઈ ગયું તો આપણે કપાઈ ગયા. જાણે કે વેલ વૃક્ષને સહારે છે. એમ આપણે પણ તે આત્માના સહારે છીએ. બીજાના સહારે જીવનારનું પોતાનું અસ્તિત્વ તો રહેતું નથી. બીજાનો સહારો માંગનાર ભાવનાત્મક રીતે ગુલામ છે. આવા ગુલામને બીજાઓ ઉપર દોષારોપણ કરવાનો શો અધિકાર ?

જો કે કોઈ કહે છે કે હું દરેક વાતમાં એના ઉપર આધારિત નથી. મારે તો એક જ વાતમાં થોડા સહયોગની જરૂર હતી. પરંતુ આ એક જ વાત આપણા જીવનનો મુખ્ય ધ્યેય હતી. જેમ કે કોઈ પુરુષ સંન્યાસ લેવા ઈચ્છે છે, છતાં કહે છે કે મારી પત્નીનો સહયોગ ના મળ્યો એટલે હું સંન્યાસી બની ના શક્યો. પરંતુ આ કમજોરી એ આત્માની હતી. જો લગનની અગ્નિ હોત તો તેની પત્ની સ્વયં સંન્યાસિની બનવા તૈયાર થઈ જતી. માર્ગ માટે બંધનરૂપ ના બનતી. પરંતુ આપણી ગાડી એટલી કમજોર હતી કે તેને ધક્કો માર્યા વગર આગળ વધી શકતી નહોતી. એણે ધક્કો લગાવવાની ના પાડી એટલે તેથી ઊભી રહી ગઈ. તો મારે ગાડીને એટલી શક્તિશાળી બનાવવાની છે કે તેને ધક્કાની જરૂર ના પડે. આપણી ગાડી તેજ ગતિથી દોડે અને અવરોધ નાખનાર જોતાં જ રહી જાય. એને કહેવાય સ્વયં આધારિત.

કોઈનો સહયોગ મેળવવો હોય તો લાંબા સમયની શુભકામના જોઈએ. એટલે આપણે આપણાં કર્મ માટે જવાબદાર છીએ. શુભકામના વગર કરેલાં કર્મને કારણે નકારાત્મક પરિણામ આવે છે. ભલે તે કર્મ ડરાવીને, છીનવી લઈને, તાકાતના જોરથી, સંબંધ, મિત્રતાની આડમાં, દબાવીને, જૂઠું બોલીને કર્યું, અભિમાનવશ યા હીનભાવનાથી કર્યું. તેની સાઈડ ઈફેક્ટ કોઈને કોઈ રૂપ ભોગવવી જ પડશે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)... પરિસ્થિતિનો**

દિવસની કમાણી જવા દેવાને બદલે સામનો કરે છે અને જાનને જોખમમાં મૂકે છે. પણ તે વ્યક્તિ કંઈક ખોટું કામ કરાવવા ઈચ્છે છે. જેનાથી એના ચરિત્ર પર કલંક લાગી શકે છે તો આવી પરિસ્થિતિમાં જાન ભલે જાય પણ ચરિત્ર ન જાય. આવા સમયે સામનો જ કરવાનો છે સહન કરીને આપણા ચરિત્ર પર કલંક ના લગાવવા દઈએ. જો એમ ન થાય તો જીવનભર ઈજ્જતથી જીવી નહીં શકે, પાપનો બોજ ઉઠાવી નહીં શકે. સહન શક્તિ અને સામનો કરવાની શક્તિનો ભેદ પારખીને યથાર્થ નિર્ણય કરવાની બહુ જરૂર છે. એના માટે સમજદારી તથા સાહસ અને નિર્ભયતાનો ગુણ પણ જોઈએ. **॥ ઓમશાંતિ ॥**

# અલૌકિક જીવન ઈશ્વરીય મોજનું જીવન

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



આપણું આ અલૌકિક જીવન મોજનું જીવન છે. અમે ભગવાન સાથે જીવી રહ્યા છીએ. આ સાંભળીને લોકો કલ્પના માનશે અથવા હેરાન થશે. પરમાત્મા આપણી જીવનયાત્રામાં આપણા સાથી બની ગયા છે. આપણે એમની સાથે જોડાઈ ગયા છીએ. તેઓ અમારા પરિવારના હેડ બની ગયા છે. અમે છીએ એમનો ઈશ્વરીય પરિવાર, અમે એમનાં પ્યારાં બાળકો, અધિકારી બાળકો બની ગયાં છીએ. પરમાત્મા અમને સર્વ કાંઈ આપવા માટે આવ્યા છે. તે પ્રેમના સાગર છે. એમણે પોતાનું સંપૂર્ણ જ્ઞાન આપણને આપી દીધું છે. તેઓ સુખોના સાગર છે. એમણે આપણને, આપણે ઈશ્વરીય સુખોમાં સદા રહીએ તેનો રસ્તો બતાવ્યો છે. સદા આનંદનો અનુભવ કઈ રીતે કરીએ તે સમજાવ્યું છે. પરમાત્મા કહે છે કે હું સર્વ શક્તિમાન છું, તમે મારી પાસેથી શક્તિઓ મેળવો. આ રીતે પરમાત્માએ કહેલું સર્વ કરીએ છીએ તો આપણું જીવન ઈશ્વરીય મોજનું જીવન બની જાય છે. મોજ અર્થાત અલૌકિક આનંદ.

એક દુન્યવી મોજ છે. પૈસા આવી ગયા, ખાઈ, પી રહ્યા છીએ. શરાબ પી રહ્યા છે. ડાન્સ જોઈ રહ્યા છે, ઘણાં બધાં વ્યસનોના શિકાર બની ગયા છે ત્યારે લોકો એવું માને છે કે અમે મોજમાં જીવીએ છીએ. અમારા ઘરમાં. આટલાં કાર્યો છે. અમારું ઘર ઘણું મોટું છે. ઠીક છે સાંસારિક દૃષ્ટિથી આવા લોકો મોજમાં છે. પરંતુ આજકાલ આ મોજ, મોજ રહી નથી. જે વધારે શરાબ પીએ છે એમની કીડની ફેઈલ થઈ રહે છે. કોઈનું લીવર ખતમ થઈ રહ્યું છે. હાર્ટ પર અસર થઈ રહી છે. થોડા સમયની મોજને લીધે આજે સદાકાળનું જીવન નકામું બની ગયું છે. લોકો ઉઠતાં જ ફોનને વળગી પડે છે, કોઈ અખબારો વાંચે છે.

ભગવાને તો એમને મળવા માટે પ્રાતઃ બે, ત્રણ વાગ્યાનો સમય આપ્યો છે. 5 વાગ્યા પછી તે બાળકો (બ્રહ્માવત્સો)ને મળતા નથી. તે ભક્તો તરફ ધ્યાન આવે છે. પણ ભક્તો સાથે એમનું મિલન થતું નથી. તેઓ તો માત્ર પ્રાર્થના કરે છે. એનું ગાયન કરે છે યા પાઠ કરે છે. એમને અલ્પકાલીન સુખ મળી જાય છે. જ્યાં સુધી ભક્તિ કરે છે ત્યાં સુધી ખુશ રહે છે. એમને શાંતિ મળે છે પછી સમાપ્ત થઈ જાય છે. આપણને શિવબાબાએ સ્વયં પરમ સદ્‌ગુરુ બનીને એવી સલાહ આપી છે જેથી આપણે સદા ઈશ્વરીય મોજમાં રહીએ છીએ. પણ જેઓ ભગવાનની આજ્ઞા પર ચાલે છે એમને જ ઈશ્વરીય મોજના જીવનનો અનુભવ થાય છે. કેટલીક મહત્ત્વપૂર્ણ આજ્ઞાઓ આ પ્રમાણે છે.

## અમૃતવેળા

અમૃતવેળાએ પરમાત્મ મિલનના મોજનો સમય છે. એમના સ્વરૂપમાં બુદ્ધિને સ્થિર કરીશું, તો ગહન આનંદની અનુભૂતિ થશે. એમની સાથે વાતો કરીશું તો વધારે ખુશી અને આનંદની અનુભૂતિ થશે. સવારે સવારે એમની પાસેથી સુંદર પ્રેરણાઓ મળે છે. એમ કહેવાય કે સવારે સવારે પોતાના મન અને બુદ્ધિને ચાર્જ કરીએ છીએ. તો આખો દિવસ ઘણા સુખોમાં વીતશે. સફળતા મળતી જ રહેશે. જીવન ચિંતામુક્ત, તનાવમુક્ત બની જશે.

## એમનાં મહાવાક્યો (મુરલી) સાંભળવાં

આજકાલ ઘણાના ફોન પર મહાવાક્ય આવે છે જેને આપણે જ્ઞાન મુરલી કહીએ છીએ. પરંતુ આપ વહેલા ઉઠીને ઈશ્વરીય સેવાકેન્દ્ર પર જાઓ. ક્લાસની 50-100ની સંખ્યા વચ્ચે આપ મુરલી સાંભળો. સેન્ટરનાં વાયબ્રેશન, મુરલી સંભળાવનાર બ્રહ્માકુમારી બહેનની અવસ્થાનો આપણા ઉપર પ્રભાવ પડશે. જીવનમાં અલૌકિકતા આવશે. એની અનુભૂતિ આપને આનંદ આપશે. ઘરમાં બેસીને મુરલી સાંભળવાથી તેનો પ્રભાવ 25 ટકા જ રહે છે. એટલે સેન્ટર પર જઈને મુરલી સાંભળવાથી અલૌકિક મોજનો અનુભવ થશે. મુરલીથી આપણને મહાન વિચારો મળે છે. તેમાં રોજ પરિવર્તન થાય છે. આપણને ગહન અનુભૂતિ થાય છે કે ક્યાં આપણી ભૂલ થઈ રહી છે. જો આપણા સંકલ્પ સારા નથી, તો તેને બદલી શકીએ છીએ આપણને પરમાત્મ પ્રેમની અનુભૂતિ થાય છે.

## આપણે ધ્યાન આપીએ કે આપણું મન વ્યર્થ વિચારોના પ્રવાહમાં તણાઈ તો નથી રહ્યું ને?

આપણને ચિંતા કરવાની આદત ના પડવી જોઈએ. આપણને નાની નાની વાતોમાં પરેશાન થવાના સંસ્કાર ના પડવા જોઈએ. આપણે કોઈની પાસેથી અપેક્ષાની નજરથી ના જોઈએ. જો આમ કરીશું તો ઈશ્વરીય મોજ ખતમ થઈ જશે. આ સર્વથી મુક્ત થવાનું આપણા હાથમાં છે. આપણે આપણી સાધનામાં પ્રેક્ટીસ કરીએ છીએ કે હું સ્વરાજ્ય અધિકારી આત્મા છું. પોતાના મસ્તક સિંહાસનને જોઈએ. એના ઉપર બિરાજમાન હું રાજા છું. હું મન, બુદ્ધિ, સંસ્કારોનો રાજા છું. આપણને યાદ અપાવીએ કે આત્મા તું મનને વશ થઈશ નહીં. મન તમારું માલિક થોડું છે. તમે મનના માલિક છો. મનને સારા સારા વિચારો આપો, તો તે ખરાબ વિચારોને છોડી દેશે.

મનુષ્યના મનમાં સર્જનાત્મક ઉર્જા છે. તે સકારાત્મક રીતે તે ધારે તે કરી શકે છે. એટલે આ ત્રણ શ્રીમત પર પૂરું ધ્યાન આપો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 21નું અનુસંધાન)...** **સ્વયંમાં અને**

છે. લાગણી, દયા, સદ્‌ભાવના, અનુકંપા વિનાના માનવયંત્રો.

## શિક્ષણમાં સદ્‌ભાવના

જો આપણે ઈચ્છતા હોઈએ કે માનવ બગીચો હર્યોભર્યો બની જાય. કાંટાના જંગલો અદ્રશ્ય થઈ જાય તો આપણી નર્સરીમાં આપણા શિક્ષણમાં સદ્‌ભાવના સહિતના મૂલ્યોનું શિક્ષણ, સ્વની ઓળખનું આધ્યાત્મિક શિક્ષણ, વિવિધ વાદોની નૈતિકતાનો અભ્યાસ, દિવ્યગુણોનું શિક્ષણ અને સૌથી મહત્ત્વનું યોગનું શિક્ષણ કે જેનાથી મૂલ્ય, નીતિ, ગુણ અને આધ્યાત્મિકતા આત્મસાત્ થાય છે તે વહેલી તકે દાખલ કરવાની જરૂર છે. જાપાનમાં ઝેન નામની ધ્યાન પદ્ધતિ પ્રચલિત થયેલી છે. અમેરિકામાં શીખવાય છે. તો યોગ ભારતની પ્રાચીન પ્રણાલી છે. જેને માટે આપણે વિશ્વમાં ગૌરવ લઈએ છીએ. તે યોગનું શિક્ષણ ઔપચારિક રીતે શિક્ષણ સંસ્થાઓમાં દાખલ કરવામાં શા માટે અચકાવું જોઈએ? જોકે બ્રહ્માકુમારીઝની સાથે રહીને યુનિવર્સિટીઓએ આ કાર્યનો પ્રારંભ કર્યો છે.

જો આપણે સંતુલિત શિક્ષણ આપવામાં સફળ થઈશું તો આપણે મહામાનવોની અથવા દેવતાઈ સંસ્કૃતિ પૃથ્વી પર પ્રગટાવી શકીશું. વિશ્વ સંવાદિતાનું સ્વર્ગ બની રહેશે. અન્યથા, યંત્રમાનવો અને માનવયંત્રોની ઉભરાતું આ વિશ્વ રૌરવ નર્ક બનતું જ જાય છે.

**॥ ઓમશાંતિ ॥**

# સ્વયં જ સ્વયંનું નિરીક્ષણ કરી જીવનમાં આગળ વધતા રહો

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



જે લક્ષ્યથી આપણે બાબાના બન્યા છીએ તે લક્ષ્ય રોજ યાદ કરવાનું છે. લક્ષ્ય બીજી બાજુ ન જાય. જે નિશ્ચય અને નશાથી જ્ઞાનમાં ચાલીએ છીએ, જે ઉમંગ-ઉત્સાહથી આપણે યોગી તપસ્વી બન્યા છીએ એમાં જરા પણ ઢીલાપણું આવવું જોઈએ નહીં. ચાલતાં ચાલતાં થોડું પણ ઢીલાપણું આવી જાય છે. તો અહીં-તહીં ધ્યાન જવા લાગે છે તેથી અલબેલાપણું આવવા લાગે છે. તો બાબા કહે છે - 'દુનિયામાં તો બહુ ઝંઝટ છે, જેના આપ અનુભવી છો જ.' ઘર ગૃહસ્થીની કેટલી વાતો છે, નોકરી-ધંધાની કેટલી વાતો છે. જીવનની મૂળ વાત ઉપર વિચાર કરવાનો છે કે અંતમાં તો આત્માને શું લઈને જવાનું છે? બેશક જીવનમાં, યજ્ઞમાં, સેવામાં, સમાજમાં ધન, સાધન, સુવિધાઓ સર્વકાંઈ જોઈએ. એના માટે તો તમે મહેનત કરો છો, કમાણી કરો છો. તે તો જરૂરી છે. પણ દિવસ રાત બસ એમાં જ લાગેલા રહેશો તો આપણે આત્મા-કલ્યાણ, આત્મ ઉન્નતિ માટે બીજું કાંઈ કરી શકીશું નહીં.

વચ્ચે વચ્ચે ્કેટલોક સમય ડિટેચ (ન્યારા-અલિપ્ત) થવાથી, ન્યારા થવાથી આપણે શાંતિથી વિચારી શકીએ છીએ કે જે આપણે દિન-રાત કરીએ છીએ તે જરૂરી છે? કેટલું જરૂરી છે? બહુ ટ્રાફીક જામ થવાથી કંઈ પણ સંઘર્ષ થવાની સંભાવના વધી જાય છે. પણ ટ્રાફીક સિગ્નલમાં લાલ લાઈટ થતાં આપણે થોભી જઈએ છીએ. પછી ચેન લાઈઝ કરી દઈએ છીએ તો પરિસ્થિતિ ઠીક રહે છે. તો જીવનમાં પેદા થયા ત્યારથી કહીએ છીએ ને - 'દરેક ક્ષણ મૃત્યુ તરફ જઈ રહી છે.' તો વચ્ચે કેટલીક ક્ષણ અટકીને જોવાની, ઓબ્જર્વ કરવાની, વિચારવાની આવશ્યકતા છે ક્યાં જઈ રહ્યા છીએ, શું કરી રહ્યા છીએ, શું જરૂરી છે, શામાં ફાયદો છે? આ સર્વ વિચારવાની જરૂર છે. જ્યાં સુધી આપણે ડિટેચ થઈને જોતા નથી ત્યાં સુધી સ્વયંમાં શું ઠીક કરવાનું છે તેની ખબર પડતી નથી.

એકવાત હું આપ સર્વને જણાવવા ઈચ્છું છું. એક કંપનીનું ગ્રુપ મેનેજમેન્ટની ટ્રેનીંગ માટે અહીં આવ્યું હતું. એમાં એક મેનેજર બુદ્ધિવાન હતો. બે ત્રણ ક્લાસ કર્યા પછી એણે કહ્યું કે મારી પાસે તમે જણાવો છો તેવા સારા-સારા વિચારો છે પણ મારી ફરિયાદ એ છે કે કોઈ મારું સાંભળતું નથી. તો અમે સૌએ એમને કહ્યું કે 'ભાઈ, બીજા ક્લાસમાં આપ અમને સાંભળશો નહીં. અને બહાર કેમ્પસમાં, શાંતિથી ચાલો, ગાર્ડનમાં જાઓ અને સ્વ નિરીક્ષણ કરો, સ્વયંને ઓબ્જર્વ કરો એ વિચારો કે શા માટે એ લોકો આપને સાંભળતા નથી? સાંજે તેઓ ક્લાસમાં આવ્યા ત્યારે ઘણા ખુશ દેખાતા હતા. અમે સૌએ એમને પૂછ્યું કે આપને આપના પ્રોબ્લેમનું સમાધાન મળ્યું? એમણે કહ્યું કે હા, મેં એક કલાક સાયલેન્સમાં ચાલ્યાં. સ્વયંનું નિરીક્ષણ કર્યું તો મારી સમજમાં આવ્યું કે લોકો શા માટે મારું સાંભળતા નથી? કારણ કે હું કોઈની વાત સાંભળતો નહોતો. એમને આ અભિમાન હતું. એટલે એમની વાત કોઈ સાંભળતું નહોતું. તોજો આપણે કોઈની વાત નહીં સાંભળીએ તો આપણું કોણ સાંભળશે.

આપણે સૌ જ્ઞાનમાર્ગમાં ચાલી રહ્યા છીએ, રોજ મુરલી ક્લાસ, યોગ કરીએ છીએ. બાબાના મદદગાર સાથી બાળકો છીએ પણ આપણે પોતાને પૂછીએ કે ક્યા લક્ષ્યથી આપણે બાબાના બન્યા હતા, શું આપણે એ લક્ષ્યની દિશામાં ચાલી રહ્યા છીએ? જ્ઞાન-યોગ કરીને આપણે શું બનવા ઈચ્છીએ છીએ. બાપ સમાન પતિત થી પાવન બનવા અને અન્યને બનાવવા ઈચ્છીએ છીએ? પાવન બનવાનું લક્ષ્ય છે? આત્માની સ્થિતિ ક્યારે હલે છે, જ્યારે કોઈને કોઈ માયાનું આકર્ષણ થાય છે. તો અપસેટ - નિરાશ થઈ જાઓ છો. અવસ્થા બગડી ગઈ, માયાનું તોફાન આવી ગયું. સંગદોષ લાગી ગયો ને. જ્યારે આપણે કોઈને કોઈ વિકારના પ્રભાવમાં આવીએ છીએ, તો આપણી અવસ્થા ડગમગ થાય છે. મૂડ ઓફ થાય છે. ખુશી ચાલી જાય છે. મનમાં ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે અને આકર્ષણમાં આવી જઈએ છીએ.

પછી આપણે લક્ષ્યને યાદ કરીએ છીએ. કે આપણું લક્ષ્ય કયું છે ? આપણને શું જોઈએ છે - સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન, શક્તિ.પરંતુ આપણને સત્ય જોઈએ, શુદ્ધ જોઈએ. બનાવટી નહીં જોઈએ. ત્યાં જ સંબંધો તૂટે છે, નિરાશા આવે છે કે પ્રેમ જૂઠો નીકળ્યો. દગો કર્યો. તો આત્મા અસલમાં સત્ય છે, શુદ્ધ છે, અવિનાશી છે. એટલે આત્માને જે કંઈ જોઈએ તે કેવું જોઈએ? સત્ય જોઈએ, શુદ્ધ જોઈએ. અવિનાશી જોઈએ. ટેમ્પરરી યા મતલબનું નહીં જોઈએ. તો બાબા મળ્યા, સત્ય જ્ઞાન મળ્યું, સાચો માર્ગ મળ્યો, તો આપણે સૌએ આપણું પરિવર્તન કર્યું. બાબા પાસેથી આપણે શુદ્ધ સાત્વિક આનંદ પ્રાપ્ત કરી રહ્યા છીએ. કારણ કે જ્યાં સુધી સાચું જ્ઞાન બુદ્ધિમાં નથી ત્યાં સુધી જીવનની પરિસ્થિતિઓને પણ આપણે યથાર્થ સમજી શકીશું નહીં. જ્ઞાન વિના આપ અચલ-અડોલ રહી શકશો નહીં. એટલે આપણે સ્વયં જ સ્વયંને સમજાવવાના છે. સ્વયં જ સ્વયંનું નિરીક્ષણ કરીને જીવનમાં આગળ વધતા રહેવાનું છે. ॥ **ઓમશાંતિ** ॥

---

**(પેજ નં. 23નું અનુસંધાન)...** શિવરાત્રીની બાબાએ એટલા સુધી કહ્યું છે કે વિનાશની વાટ જોયા વગર '**અમોને પહેલા સંદેશ આપ્યો હોત તો'**, જેવા ઠપકાથી બચવા માટે પણ દાન આપો. શિવરાત્રીને મહાદાનનું પર્વ બનાવી દો.

## શિવરાત્રીની અનુપમ વિધિ - દે દાન તો છૂટે ગ્રહણ

સંગમયુગની જે અદ્‌ભુત વિધિ પરમપિતા શિવ પરમાત્માએ બતાવી તેનો ઉલ્લેખ દુનિયાના કોઈ પણ શાસ્ત્રમાં હશે એવું લાગતું નથી. એ વિચિત્ર અને શ્રેષ્ઠ વિધિ છે - દે દાન તો છૂટે ગ્રહણ. પરમપિતા શિવ પરમાત્મા કહે છે કે તમે મને કામ, ક્રોધ વગેરે વિકારોનું દાન આપી દો તો દુઃખ-અશાંતિનું જે ગ્રહણ આત્માને લાગ્યું છે તે છૂટી જશે. આત્મા પવિત્ર બની મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિ કરશે. ૨૧ જન્મ સ્વર્ગમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરશે. શિવબાબાએ આ પ્રકારના દાનની વિધિ બતાવી, આત્માઓને ગતિ-સદગતિના માર્ગ ઉપર ચાલવા પ્રેરિત કર્યા છે. અને આ જ સાચી શિવરાત્રી પણ છે.

તો ચાલો આપણે સૌ મળીને શિવરાત્રીના પાવન પર્વને સાચા અર્થમાં ઉજવીએ. આત્મામાં રહેલા કામ-ક્રોધાદિ આકડાના ફૂલને શિવબાબાને દાનમાં આપી દઈએ અને સમગ્ર વિશ્વના આત્માઓને શિવબાબા પાસેથી મળેલ જ્ઞાન, ગુણ, શક્તિનું દાન આપી સમગ્ર વિશ્વના કલ્યાણ માટે 'ઓટે સો અર્જુન બનીએ'.

॥ ઓમશાંતિ ॥

### મન લોકોના પ્રત્યે

# આભારના ભાવથી ભરેલું રહેશે તો શાંત રહેશે.

ડૉ. બ્ર.કુ. સચિન, શાંતિવન, આબુરોડ

## માફ કરો અને ભૂલી જાઓ

એવા ઘણા લોકો છે જેમણે આપણી સાથે દગો કર્યો, કટુવચન-અપશબ્દો બોલ્યા, અપમાન કર્યું. ઘણું દુઃખ આપ્યું એમની પાસેથી મનસાથી માફી માંગવાની છે. આ બે કામ રોજ સવારે કરવાનાં છે. જ્યાં સુધી આપણે એમની પાસેથી માફી નહીં માંગીએ કારણકે જે પ્રકારનો વ્યવહાર આપણે એમની સાથે કર્યો. ભલે આપણો અહંકાર તેનો સ્વીકાર કરતો નથી કે આપણી ભૂલ હતી.

## આભાર

જે લોકો આપણી સાથે રહે છે તેમનો આભાર માનો. જેમણે આપણા માટે ઘણું બધું કર્યું છે. શું કદી આપણે એમનો આભાર માન્યો છે? કદી એમને કહ્યું કે આપે જે અમારા માટે જે કર્યું એનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌનો આભાર. મન આભારના ભાવથી સદા ભરેલું રહે. ધન્યવાદમાં સકારાત્મક ઉર્જા છે. જ્યારે આપણે આભાર માનીએ છીએ ત્યારે મન શાંત થઈ જાય છે, સ્થિર થઈ જાય છે.

## ટેવો

જે આપણામાં નથી તેવી સારી ટેવોનું નિર્માણ કરવાનું છે. એના ઉપર કામ કરવાનું છે. ઉતાવળ, જૂઠ, દગો કરવો, રઘવાટિયા સંસ્કાર આદિ સંસ્કારો, આદતો ઉપર કામ કરવાનું છે. જ્યાં સુધી અભ્યાસ કરીને આ સંસ્કારો દૂર નહીં કરીએ, ત્યાં સુધી આપણને ખુશી મળતી નથી. પરિવર્તન માટે એક પળ કીમતી છે.

## ઉત્સુકતા

મનમાં પ્રશ્ન ઉઠવા જોઈએ. આપણને એ ખબર પડે કે આપણે ક્યાં હતા અને ક્યાં આવી ગયા.

## આંતરિક યાત્રા

આંતરિક યાત્રા (સ્વદર્શન) કરવાની છે. બહારની યાત્રાઓ તો ઘણી બધી કરી લીધી. હવે અંતરમનની યાત્રા કરવાની છે. ખૂણે ખૂણામાં કયો અંધકાર, બદલવો લેવાનો ભાવ, નફરત, કમજોરી, વિકાર અંદર છુપાયેલા છે. તે જોવાના છે અને તેને દૂર કરવાના છે.

## કેન્દ્રિત રહેવું

વર્તમાનમાં ધ્યાન રાખવાનું છે. ભૂતકાળમાં જે થયું તે થયું, ભવિષ્ય હજુ આવ્યું નથી. તો વર્તમાનમાં જીવતાં આપણે આપણા સંકલ્પોનું ધ્યાન રાખવાનું છે. જો વર્તમાનમાં સારી રીતે જીવી ગયા તો ભવિષ્ય ઉજ્જવળ છે. તેથી મનના વિચારોનું વિશ્લેષણ કરી, સકારાત્મક રીતે વર્તો.

## સ્વયં, સ્વયંને પ્રેમ કરીએ

પોતાને પ્રેમ કરવાનો છે. આપણને હંમેશા એવું જણાવવામાં આવે છે કે બીજાઓને પ્રેમ કરો. પણ શું આપણે સ્વયંને પ્રેમ કરીએ છીએ, કદી નહીં. સ્વયંને પણ માફ કરવાના છે. સ્વયંને ઉત્સાહિત બનાવવાના છે. સ્વયંને પ્રેમ કરવો અર્થાત્ ખુશ રહેવું.

## પ્રકૃતિ

પ્રકૃતિમાં જવાનું છે. પ્રકૃતિનું સંગીત સાંભળવાનું છે. ઝરણાં, પહાડીઓ, સૌન્દર્ય, સરિતા, હરિયાળુ વન. તેમાં મનોરંજન ના હોય પણ પ્રકૃતિ (અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ)

(અનુસંધાન પેજ નં. 29 પર)

# પરિસ્થિતિનો સામનો કરવાથી શક્તિ વધે છે

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



આધ્યાત્મિકતા આપણને બુઝદિલ બનાવતી નથી કે દરેક વખતે આપણે જ સહન કરવાનું હોય. પમ એ જ્ઞાન હોવું જરૂરી છે કે ક્યારે સહન કરવાનું છે અને ક્યારે સામનો કરવાનો છે. આ સમજણ નહીં હોવાને કારણે વ્યક્તિ જ્યાં સહન કરવાનું હોય છે ત્યાં સામનો કરે છે. અને સામનો કરવાનો હોય ત્યારે સહન કરી બેસે છે. આ કારણે તે વધારે પરેશાનીમાં આવી જાય છે. અને ક્યારેક પોતાની સમસ્યાઓને વધારે વિકટ બનાવી દે છે.

વાસ્તવમાં સહન વ્યક્તિઓએ કરવાનું હોય છે અને સામનો પરિસ્થિતિઓ અને સમસ્યાઓનો કરવાનો હોય છે. મનુષ્ય મોટાભાગે પોતાના જીવનમાં એ ભૂલ કરે છે કે વ્યક્તિઓનો સામનો કરે છે અને પરિસ્થિતિઓનો સામનો કરીને હિંમત હીન બની જાય છે. એનું કારણ એ હોય છે કે વ્યક્તિઓ પાસેથી એની અનેક કામનાઓ હોય છે જ્યારે તે કામનાઓ પૂરી થતી નથી તો આવેશમાં આવીને એનો સામનો કરીને એને ભયભીત કરીને ભગાડવા ઈચ્છે છે. જેથી તે વ્યક્તિ એની કમજોરીને જાણી ન લે. પરિસ્થિતિઓનો સામનો કરવાની હિંમત એટલા માટે નથી હોતી કારણ કે તે પરિસ્થિતિઓને સહન કરીને ભાગવા ઈચ્છે છે.

એટલે જ મનોવૈજ્ઞાનિકોએ મનુષ્યની મુખ્યવૃત્તિઓ પર વધારે વર્ણન કર્યું છે. એક છે સામનો કરવો બીજું છે પલાયન થવું. વ્યક્તિઓની સહન કરવાની શક્તિનો એ ભાવ છે કે માની લો એક વ્યક્તિ ટ્રેઈનથી ક્યાંક જઈ રહી છે. એણે પહેલાંથી જ પોતાનું આરક્ષણ કરાવી લીધું છે. પણ એને ખબર નથી કે દિવસના સમયે સીટનું આરક્ષણ થતું નથી. લોકો એને સૂતેલો જુએ છે તો તેને ઉઠાડે છે. હવે તે વ્યક્તિ આવેશમાં આવીને તે લોકોના અપશબ્દોના જવાબમાં અપશબ્દો કહે છે. ધીરે ધીરે વાત બગડી જાય છે. અને મારામારી સુધી આવે છે. આ ઘટનાના બીજા પાસા તરફ નજર નાંખીએ તો આ વાત આટલી બગડી કેમ. કારણ કે એના મનમાં એ ભાવના હોય છે કે આ સીટ મારી છે. આ મારાની ભાવનાથી જ લગાવ જન્મે છે અને જ્યારે એની ભાવનાનો સ્વીકાર થતો નથી, તો સહન કરવાને બદલે એણે સામનો કર્યો. સામનો કરીને અપશબ્દોનો જવાબ એ રીતે જ આપ્યો. હવે જો તે અપશબ્દો સાંભળીને પણ શાંત થઈ જતો તો વાત આટલી બગડતી નહીં. પરંતુ સામનો કરવાથી વાત બગડી. એવું પણ નહીં કે આપણે દરેક વખતે સહન કરવું પડે એ વખતે વ્યક્તિ, પરિસ્થિતિ ઓળખીને સહન કરવું યા સામનો કરવો. આ શક્તિ વિકસિત કરવી જરૂરી.

## પ્રાણ જાય પણ ચરિત્ર ના જાય

એક દુકાનમાં કેટલાક લોકો ઘૂસી આવ્યા હતા. હવે દુકાનદારે એ પરિસ્થિતિને પારખવાની છે કે તે લોકો શું ઈચ્છે છે. જો તેઓ ધન ઈચ્છે છે તો એક જ દિવસની કમાણી લઈ જશે. એ વખતે સામનો કરવાને બદલે એક દિવસની કમાણીનું નુકસાન વેઠીને સહન કરીને એક દિવસની કમાણી આપી દઈએ પણ જાનને જોખમમાં ના મૂકીએ. આ સમજદારી છે. પણ ક્યારેક એક

(અનુસંધાન પેજ નં. 07 પર)

# પરમાત્મા સર્વવ્યાપી નથી, પરમધામ નિવાસી છે

બ્ર.કુ. જગદીશ, ઈસનપુર, અમદાવાદ.

આપણે નાના હતા ત્યારે એક કવિતા ઘણીવાર સાંભળવામાં આવતી, મને કોને પરમેશ્વર કેવા હશે? કેવા હશે ને ક્યાં રહેતા હશે? પરંતુ આજ સુધી, આ પ્રશ્નનો સાચો ઉત્તર, કોઈપણ આપી શક્યું નથી. શાસ્ત્ર વાદીઓ શાસ્ત્રોના એક એક પાના ફેંદી વળ્યા, વૈજ્ઞાનિકો ચંદ્ર સુધી પહોંચી ગયા, ભક્તો એક એક યાત્રાધામ ઘૂમી વળ્યા, ઋષિમુનિઓ પર્વતો ગુફાઓમાં ફરી વળ્યા પરંતુ આજ સુધી ભગવાનનું સાચું સરનામું કોઈને પણ મળ્યું નથી.

ગીતાના અધ્યાય ચાર ના પ્રસિદ્ધ શ્લોક નં. ૭ અને ૮ મુજબ - યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતી ભારત... સંભવામી યુગે યુગે, પ્રમાણે જ્યારે જ્યારે ભારતભૂમિ પર ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તેઓ સ્વયં આ ભૂમિ પર અવતરિત થાય છે. તેઓ પહેલેથી આ ધરતી પર મોજૂદ નથી, એટલે જ ભગવાનને પર ભૂ અર્થાત બીજી ભૂમિ પર રહેવાવાળા કહેવામાં આવે છે. તેમને ખુદા અર્થાત ખૂદ આવનાર અને સ્વયંભૂ અર્થાત સ્વયં આ ભૂમિ પર આવનાર કહેવામાં આવે છે, તેમને પેદા કરવા વાળો પિતા આ દુનિયામાં કોઈ જ નથી જેઓ સ્વયં સર્વે ના પરમ પિતા છે.

ગીતા શાસ્ત્રના ૧૫માં અધ્યાયના શ્લોક નં. ૬ પ્રમાણે પોતાનું નિવાસસ્થાન જણાવતા ભગવાન કહે છે કે, જ્યાં સૂર્ય ચંદ્ર તારા ગણનો પણ પ્રકાશ પહોંચતો નથી, જ્યાં પહોંચીને મુમુક્ષુઓ પાછા ફરતા નથી, એવું પરમધામ મારું ધામ છે, હું પરમધામ નિવાસી છું. એટલે જ ભગવાન માટે કહેવામાં આવે છે કે, ઊંચા તેરા નામ, ઊંચા તેરા ધામ, ઊંચા તેરા કામ. ભગવાનનું ધામ ઉંચામાં ઊંચું છે માટે જ તેને પરમધામ કહેવામાં આવે છે તેનાથી ઉપર કંઈ જ નથી. પરમધામને અક્ષરધામ, સાંકેતધામ, નિર્વાણધામ, શાંતિધામ, સ્વધામ, પરલોક કે બ્રહ્મલોક જેવા અનેક નામથી ઓળખવામાં આવે છે. ભગવાન પરમધામ વાસી હોવાને કારણે જ, ભગવાન શિવના ધામ કેદારનાથ, અમરનાથ, કૈલાશધામ વગેરે. પૃથ્વીના ઉંચામાં ઊંચા સ્થાન હિમાલય પર બનાવવામાં આવેલા છે.

ભગવાન જ્ઞાનના સાગર છે એટલે જ જ્યારે કોઈ વાત આપણી સમજમાં ના આવે તો આપણે કહીએ છીએ કે, એ તો ઉપરવાળો જાણે. જ્યારે કોઈ દર્દીની બચવાની આશા ન હોય ત્યારે ડોક્ટર પણ કહેતા હોય છે કે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ બાકી બધું ઉપરવાળાના હાથમાં છે, તેવી જ રીતે બાળક જ્યારે મમ્મીને પૂછે છે મમ્મી હું ક્યાંથી આવ્યો? તો જવાબ મળે છે કે ઉપર ભગવાનના ઘરેથી .ઘણીવાર કંઈક સારું બને ત્યારે પણ કહેવામાં આવે છે આ તો ઉપરવાળાની મહેરબાની છે. કોઇ ના મરણ પ્રસંગે કહેવામા આવે છે કે ઉપરવાળાને ગમ્યું તે ખરું, અણધાર્યું કંઇ બને ત્યારે કહીએ છીએ કે ઉપરવાળો ધારે તેમ જ થાય આ બધા જ ઉપરવાળા શબ્દોના વપરાશથી એ પ્રમાણિત થાય છે કે ભગવાન ઉપર પરમધામ નિવાસી છે. ભગવાન ઠેર ઠેર સર્વ જગ્યાએ મોજૂદ નથી, માટે જ મુશ્કેલીના સમયમાં આપણે પ્રાર્થના બંદગી કે ભગવાનનો આભાર માનવા માટે ઉપર તરફ હાથ કરીએ છીએ.

ગીતાના અધ્યાય ૧૦ના શ્લોક નં ૨૨ થી

૩૭ને સમજવામાં શાસ્ત્રવાદીઓ ભૂલ કરી છે તેથી જ ભગવાનને સર્વત્ર છે તેમ માની લેવામાં આવ્યું. આ અધ્યાય માં ભગવાને જણાવ્યું છે કે હું વૃક્ષોમાં પીપળ, નદીઓમાં ગંગા, પર્વતોમાં હિમાલય, જળાશયમાં સમુદ્ર, દેવોમાં ઇન્દ્ર, પાંડવમાં અર્જુન, ક્ષત્રિયોમાં રામ, રુદ્રમાં શંકર, નાગમાં શેષનાગ, ગાયોમાં કામધેનુ ગાય, તેમજ હાથીઓમાં ઐરાવત હુ જ છું.

પરંતુ ભગવાનનો કહેવાનો ભાવાર્થ એ હતો કે જેમ વૃક્ષમાં પીપળ શ્રેષ્ઠ છે નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે દેવતાઓમાં ઇન્દ્ર શ્રેષ્ઠ છે તેમ હું સર્વ આત્માઓમાં ધર્માત્મા, દેવાત્મા, પુણ્ય આત્મા, મહાત્માઓમા હું જ શ્રેષ્ઠ પરમાત્મા છું, મારાથી ઉપર કોઈ જ નથી હું સર્વશ્રેષ્ઠ સર્વ શક્તિમાન સર્વજ્ઞ સર્વ માન્ય સર્વોત્તમ છું. પીપલ સિવાયના વૃક્ષોમાં, ગંગા સિવાયની નદીઓમાં, હિમાલય સિવાયના પર્વતોમાં હું નથી એવો ભાવ પણ અહીં થાય છે. આ અયોગ્ય અર્થઘટનને કારણે જ શાસ્ત્રવાદીઓ એ ભગવાનને વૃક્ષો, નદી, પર્વત, જાનવર વગેરેમાં તેમનું અસ્તિત્વ છે તેમ માની લીધું. હકીકતમાં તેઓ સર્વવ્યાપી નથી જ.

આ ઉપરાંત દ્વાપરયુગથી સૃષ્ટિ ઉપર પાપાચાર, અત્યાચાર, ભ્રષ્ટાચાર, લૂંટફાટ, છેતરપિંડી વગેરે વધવા માંડયા. ત્યારે તેને રોકવા માટે પંડિતોએ તેમજ ઋષિમુનિઓએ ડર બતાવવા જણાવ્યું કે, ભગવાન દરેક જગ્યાએ મોજુદ છે તે બધું જ જુએ છે જેથી કરીને મનુષ્ય પાપ કર્મો ઓછા કરે.

આ સિવાય ભક્ત લોકોએ પણ ભગવાનને સર્વવ્યાપી કહી ને તેમની ગ્લાનિ કરેલ છે. જ્યારે કોઈ વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે પ્રેમ થઈ જાય ત્યારે તેને સર્વત્ર પુસ્તકમાં, દર્પણમાં, જમવાની થાળીમાં, દરેક સ્થાને તેનો જ આભાસ થતો હોય છે, તેવી જ રીતે ભક્તોનો ભગવાન સાથે એટલો બધો પ્રેમ હોય છે કે, તેમને સર્વત્ર ભગવાનના અસ્તિત્વનો આભાસ કે દર્શન થતા હોય છે એટલે ભક્તોએ પણ કહ્યું કે ભગવાન તો દરેક જગ્યાએ મોજુદ છે. આમ આવા અનેકવિધ કારણોને લઈને જ ભગવાન સર્વવ્યાપક છે તેવું માનવામાં આવેલ છે પરંતુ જો તટસ્થ રીતે નીચે આપેલા સવાલોના જવાબ વિશે વિચારવામાં આવે તો માલુમ પડશે કે ભગવાન સર્વવ્યાપી હોઈ જ ના શકે.

૧. શું ભગવાન ગાંડા હાથીમાં, હડકાયા કૂતરામાં, હિંસક વાઘમાં, ઝેરી સર્પમાં, માખી મચ્છર દરેકમાં છે? જો હા તો આપણે તેમને મારી કેમ નાખીએ છીએ? વિજ્ઞાનની આહાર શૃંખલા પ્રમાણે ઉંદરને બિલાડી, બિલાડીને કૂતરા, તથા કૂતરાને વાઘ પોતાનો આહાર બનાવે છે તો શું દરેકમાં ભગવાન હોય તો એક ભગવાન બીજા ભગવાને પોતાનો આહાર બનાવે છે?

૨. જો દરેકમાં ભગવાન હોય તો દેવો તેમજ અસુરોમાં, રામ તેમજ રાવણમાં, કૃષ્ણ અને કંસમાં, પાંડવો અને કૌરવો બધામાં ભગવાન હાજર કહેવાય. જો એમ જ હોય તો રામાયણ કે મહાભારત જેવા યુદ્ધ થાત જ નહીં.

૩. જો ભગવાન સર્વવ્યાપી હોય તો ગટરોમાં, કચરાના ઢગલામાં, ઉકરડામાં, કાદવ કીચડમાં, મૃતદેહમાં, સડેલા ફળોમાં, મળ મૂત્રમાં, દરેક જગ્યાએ પણ હોય, પરંતુ સાધારણ દેવી-દેવતાઓના દર્શન માટે પણ મંદિરમાં જો આપણે સ્વચ્છ થઈને જતા હોઈએ તો શું ભગવાન આ ગંદકીમાં પણ હોય ખરા?

૪. ભગવાન તો પતિત પાવન છે, જ્યારે દુનિયા

ની પ્રત્યેક નર જાતિ તેમજ નારી જાતિ વિકારી પતિત બને છે. જો ભગવાન સર્વવ્યાપી હોય તો સૃષ્ટિનો દરેક જીવ પાવન જ હોવો જોઇએ.

૫. ભગવાન સર્વત્ર હોય તો પછી આટલા બધા મંદિર મસ્જિદ, ચર્ચ, દેરાસર કે ગુરુદ્વારાની શું જરૂર છે? ભજન કીર્તન કથા વાર્તા જપ-તપ, યજ્ઞ-હવન, જાત્રા-યાત્રા, આરતી-પૂજા વગેરેની શું જરૂર છે?

૬. જો ભગવાન સર્વત્ર છે, બધામાં જ હોય તો ચોર-પોલીસ, રાજા-રંક, ગરીબ-અમીર, ગુરુ-ચેલા, પતિ-પત્ની બધામાં જ હોવા જોઈએ? તો પછી આટલો ભ્રષ્ટાચાર, પાપાચાર, અત્યાચાર, વ્યભિચાર, ચોરી, લૂંટ, દગો, બળાત્કાર વગેરે શા માટે થાય છે?

૭. દરેક મનુષ્યનું અસ્તિત્વ અલગ છે. એક ના મળે બીજા ને. દરેકની ફિંગર પ્રિન્ટ, ચાલ, ચહેરો, અવાજ, સ્વભાવ, સંસ્કાર, ભાષા, હિસાબ, કિતાબ, સુખ-દુઃખ એકનું બીજાનું મળતું નથી આવતુ. ભગવાન દરેકમાં હોય તો આ બધું સમાન હોવું જોઈએ ને.

૮. આપણે હંમેશા 'ગોડ ઇઝ વન' કે 'સબકા માલિક એક' - એમ કહીએ છીએ. એટલે પરમાત્માને હંમેશા એક વચન પરમાત્મા જ કહીએ છીએ. પરમાત્માઓ એમ બહુવચનમાં નથી કહેતા. દેવતાઓ ૩૩ કરોડ છે એટલે દેવતાઓ કહીએ છીએ તેવી જ રીતે ધર્માત્માઓ, મહાત્માઓ, આત્માઓ અનેક છે પરંતુ પરમાત્મા એક જ છે જે સૌથી ઊંચ પરમ છે, જે બધે નથી. જો ભગવાન દરેકમાં હોય તો સાસુ, વહુ, દેરાણી, જેઠાણી, આડોશી, પાડોશી, પતિ, પત્ની, ભાઈ-ભાઈ વચ્ચે ઝઘડા કેમ થાય છે? નાત-જાત, હિંદુ, મુસલમાન, દેશ-દેશ વચ્ચે ઝઘડા કેમ થાય છે?

૯. પ્રકૃતિના પાંચ તત્વ પ્રભુની કૃતિ - રચના છે. હવા, પાણી, પૃથ્વી, અગ્નિ અને આકાશ સર્વે પરમાત્મા નથી પણ તેમની કૃતિ - રચના છે.

૧૦. સંસારમાં દરેક જણ એ માને છે કે, આ દુનિયાનું સંચાલન કોઈ એક અદભુત શક્તિ કરી રહી છે તેને જ ભગવાન કહેવામાં આવે છે. જેવી રીતે કોઈ પણ દેશમાં વડાપ્રધાન એક જ હોય, સ્કૂલમાં પ્રિન્સિપાલ એક જ હોય, કંપનીના મુખ્ય મેનેજર સીઇઓ એક જ હોય છે તેવી જ રીતે સૃષ્ટિના રચયિતા પરમાત્મા પણ એક જ હોય. તમામ મનુષ્ય પરમાત્મા હોઈ શકે જ નહીં.

૧૧. ભગવાન સારી દુનિયાના પરમ પિતા છે જેટલા પણ ધર્મ પિતા, રાષ્ટ્રપિતા, ચર્ચના ફાધર કે ફાધર ઓફ સીટી હોય આ સર્વના પરમ પિતા એક જ છે બધા જ પરમ પિતા ન હોઈ શકે.

૧૨. પરમાત્મા કરાવનહાર, જાની જાનનહાર, પતિત પાવન, સદગતિ દાતા, પ્રેમ, આનંદ, પવિત્રતા, શાંતિના સાગર છે, સર્વ શક્તિવાન છે. જો પરમાત્મા દરેકમાં હોય તો શું આ મહિમા દરેક વ્યક્તિ માટે હોઈ શકે ખરી?

ઉપરોક્ત સવાલોના જવાબ વિશે વિચારશું તો આપણે સમજી શકીશું કે પરમાત્મા સર્વવ્યાપક નહીં પરંતુ પરમધામ વાસી છે, એમ સ્વયં સિદ્ધ થાય છે.

**॥ ઓમશાંતિ ॥**

- **રાતે વહેલા જે સૂઈ વહેલા ઉઠે વીર, સુખશાંતિને ધન વધે, સુખમાં રહે શરીર.**
- **હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

# પ્રભુને પત્ર

## બ્ર.કુ. ઉમેશ, ઉમરગામ

મારા અતિ પ્રિય બાબા, આજે હું વિચારની શક્તિ વિષે વિચાર કરું છું. મને લાગે છે કે તલવારની ધાર કરતાં પણ વધુ તીક્ષ્ણ ધાર વિચારની છે. દુનિયાની તમામ ક્રાંતિઓના મૂળમાં વિચાર છે. વિચારથી જ શસ્ત્ર બન્યાં. અને વિચારથી જ શાસ્ત્ર પણ બન્યાં. વિચારનું મહત્ત્વ સૌ જાણે છે. પરંતુ એની શક્તિનો ઉપયોગ ખૂબ જૂજ લોકો કરે છે.

બાબા ભારતના પ્રાચીન અને પ્રથમ વેદ ઋગ્વેદમાં એક સુંદર પંક્તિમાં સરસ ભાવના વ્યક્ત કરાઈ છે. કે, 'દરેક દિશાઓથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાઓ.' કેટલી ઉત્તમ ભાવના જેને શુભ વિચારોની જરૂર છે તે ચારે દિશાઓમાંથી પોતાને પ્રાપ્ત થાય એવું ઈચ્છે છે. બલકે દરેક વ્યક્તિ એવું જ ઈચ્છશે. પરંતુ બાબા, તમારી ફિલસૂફી કેટલી ઉદાત્ત છે. તમે તો કહો છો કે આપણે બધી દિશાઓમાં શુભ, હકારાત્મક, શક્તિશાળી વિચારો પ્રવાહિત કરવા જોઈએ. મેળવવાની ઈચ્છા તો સૌને હોય. આપણે તો આપવાની ભાવના વિકસાવવાની. ખૂબ જ ઉમદા શ્રીમત અને આજની દુનિયામાં જ્યાં ચારે દિશામાં નકારાત્મક, કલુષિત અને વિકારોથી ગ્રસ્ત વાતાવરણ પ્રવર્તી રહેલ છે ત્યાં શુભ વિચાર પ્રાપ્ત થવાની આશા તો કદાચ નકામી. એ વાતાવરણને બદલવાની જવાબદારી બાબા, તમે અમ બાળકોને સોંપી છે. સતત ચારે તરફ શુભ વિચારો પ્રવાહિત કરતા રહેવું પડશે. કારણ કે ખરાબ, નકારાત્મક અને અસત્યનો પ્રભાવ હકારાત્મકતા, સત્ય અને સારા કરતાં વધુ ઝડપથી ફેલાય છે. બાબા, અમે, તમારાં સૌ બાળકો લગાતાર અમારા મિશનમાં લાગેલાં રહીશું ત્યારે તમોપ્રધાન વાતાવરણ સતોપ્રધાન બનશે. બાબા, મારું આપને વચન છે કે આસપાસનાં બુરાઈભર્યા વાતાવરણથી પ્રભાવિત થયા વિના સતત સારપ પ્રસરાવવાના કાર્યમાં હું વ્યસ્ત રહીશ. અને એને હું જીવનનું મિશન બનાવીશ. દરેકનું શુભ થાઓ, દરેકનું ભલું થાઓ. દરેકનું કલ્યાણ થાઓ. દરેક વ્યક્તિનું પણ, દરેક પ્રાણીનું પણ, દરેક પક્ષીનું પણ, પ્રકૃતિના પાંચ તત્ત્વોનું પણ.

બાબા, ક્યારેક હું સંપૂર્ણ સતોપ્રધાનતાવાળી સ્વર્ગીય દુનિયામાં ખોવાઈ જાઉં છું. ખૂબ જ સારું લાગે છે. મને એ દુનિયાને વિઝ્યુલાઈઝ કરવાનું. સૌ બાળકો વિઝ્યુલાઈઝ કરશે ત્યારે તો એ દુનિયા સાકારમાં અવતરશે. જ્યારે હું વિઝ્યુલાઈઝ કરું છું ત્યારે એ દુનિયાના રમણીય દ્રશ્યો હું મારી આસાપાસ અનુભવું છું. એક અલૌકિક મહેકથી મારી આસપાસનું વાતાવરણ મહેકી ઉઠે છે. બેહદ ખૂબસૂરત પક્ષીઓનો કલરવ મારા કાનમાં ગૂંજી ઉઠે છે. ચારે તરફ ઉમંગ-ઉલ્લાસભર્યું વાતાવરણ મારા અંતરમનને તરબતર કરી દે છે. ના, આ માત્ર ફેન્ટસી નથી, કલ્પના નથી. તમારા અને અમારા સહિયારા પ્રયાસોથી આવનારી એ દુનિયાની વાસ્તવિકતા છે. અને એના માટે ચારે દિશામાં શુભ વિચારોને પ્રવાહિત કરવાની જરૂર છે. તો હવે, બાબા, મારી વિચારયાત્રાને હાલ પૂરતી અટકાવું...

**॥ ઓમશાંતિ ॥**

# સ્વયંમાં અને શિક્ષણમાં સદ્ભાવના

બ્ર.કુ. નલિનીબેન, મહાદેવનગર, અમદાવાદ.

આપણી સદ્ભાવના કે દુર્ભાવના વિશ્વ સુધી પહોંચે છે ? હાઈ-ટેકનો આ જમાનો છે. અડધી પૃથ્વીને આંટો મારીને ગણતરીના કલાકોમાં જ આપણે અમેરિકા પહોંચી શકીએ છીએ. ચેનલો દ્વારા વિશ્વના દેશોમાં બનતા બનાવોના સમાચાર દર કલાકે દુનિયાભરમાં ફેલાઈ જાય છે. ટ્રંક કોલ, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન અને ફેક્સ જેવાં અદ્યતન ઉપકરણોથી વિશ્વના સામ-સામા છેડે ઉભેલી વ્યક્તિઓ સાથે સંપર્ક કરી વાતચીત તથા સંદેશાની આપલે કરી શકે છે. વિશ્વ ઘણું સંકોચાયું. જાણે કે નાનું ગામ બની ગયું અને દેશો એ ગામના ફળિયાં. જેમ ફળિયામાં કોઈ બનાવ બને અને આખા ગામમાં સનસનાટી ફેલાઈજાય છે તેમ કોઈ દેશમાં બનાવ બને છે અને આખું વિશ્વ એની નોંધ લે છે અને પ્રતિભાવો આપે છે. આ સંજોગોએ આપણને વિશ્વ માનવ તરીકે જીવવાની ફરજ પાડી છે. આપણો સંતોષ અથવા આક્રોશ આપણી ખુશી અથવા નારાજગી, આપણી આબાદી અથવા તારાજી, આપણી સદ્ભાવના કે દુર્ભાવના વિશ્વ સુધી પહોંચે છે. ત્યારે આપણે વિશ્વનો વિચાર કરીને કાર્ય કરવાનું છે. We should act locally but think globally.

### પૃથ્વી વસવા લાયક સ્થળ બનાવવા માટે સંવાદિતા (Harmony) જરૂરી

આજે કોમ, ભાષા, પ્રદેશ, વર્ગ અને જાતિ આધારિત સંકુચિત ખ્યાલો પ્રબળ બનતા જાય છે. ત્રાસવાદ પાંગરતો જાય છે. વિશ્વમાં અનેક સ્થળોએ યુદ્ધ અથવા સંઘર્ષનું વાતાવરણ છે. વિશ્વનો અનેક વખત વિનાશ કરી શકાય તેટલો શસ્ત્રનો ખડકલો છે. વિશ્વયુદ્ધની ધમકીનો ઓથાર છે. આ વિશ્વને રહેવા લાયક બનાવવું હશે તો સદ્ભાવના અને સંવાદિતાને પ્રગટાવી પડશે.

વિસંવાદિતા અને સંવાદિતા છે શું? કલ્પના કરો કે લગ્ન મંડપમાં વરવધૂ એકબીજાને વરમાળા પહેરાવી દે, તેની સાથે જ તાલના સાધનો પર જાત જાતના તાલ શરૂ થઈ જાય.

પચીસ યુવકો અને પચીસ યુવતીઓના વૃંદના સમૂહ ગાનને સંચાલિત કરતા કાનુ ઘોષને જુઓ. એમના ઈશારે તાલબદ્ધ, સુરબદ્ધ જે પ્રભાવક સંગીત ઉભરે છે તેનું નામ સંવાદિતા, પૂર્વ અને પશ્ચિમ જર્મની એક થયાં. વચ્ચેની દીવાલ તોડી પાડવામાં આવી. વહેંચાઈ ગયેલાં સગાં વર્ષો પછી હર્ષાશ્રુ સાથે ભેટ્યાં. લોકોએ ઉત્સવ મનાવ્યો. એક જ દેશના બાંધવો તરીકે પ્રેમથી રહેવા લાગ્યા. આ થઈ સંવાદિતા. સદ્ભાવના દીવો અને સંવાદિતા એનો પ્રકાશ.

### વૈશ્વિક સંવાદિતાનો આધાર વ્યક્તિની સંવાદિતા

આખરે વ્યક્તિ જ કુટુંબ, સમાજ, દેશ અથવા વિશ્વનો એકમ છે. અથવા કોઈ પણ સંસ્થા, સંગઠન, પ્રણાલી કે માળખાંનો એકમ વ્યક્તિ છે. માટે માળખાકીય ફેરફારો કરવાથી સંવાદિતા સાધી શકશે નહીં. વિસંવાદ માનવીના મનમાં છે. યુદ્ધ માણસના મનમાં શરૂ થાય છે. જ્યાં સુધી એક વ્યક્તિ અર્થાત્ આપણે સ્વયં સદ્ભાવનાનો દીવો બનીશું નહીં ત્યાં સુધી સંવાદિતાનો પ્રકાશ ફેલાશે નહીં. શાંતિ અને સંવાદિતા માણસના મનમાં પણ શરૂ થાય છે. આજે આપણે દરેક માનસિક યુદ્ધ અથવા દ્વંદ્વમાં સપડાયેલા છીએ. આંતરિક સંઘર્ષમાં છીએ.

આપણાં મન બુદ્ધિ અને કર્મમાં એકરૂપતા નથી. આપણે વિચારીએ છીએ એક, નિર્ણય કરીએ છીએ બીજું અને કરી બેસીએ છીએ કંઈક ત્રીજું. આપણાં Heart, Head અને Hand વચ્ચે સંવાદિતા નથી. તો પછી આપણા માનવ સાથીઓ, પ્રકૃતિ અને પર્યાવરણ સાથે સંવાદિતા ક્યાંથી પ્રગટશે. વૈશ્વિક સંવાદિતા માટે વ્યક્તિ મનમાં સદ્‌ભાવના પ્રગટાવવી પડશે.

### સદ્‌ભાવના - અસદ્‌ભાવનાનું મૂળ ક્યાં?

હવે સવાલ એ છે કે આપણે જેવા છીએ તેવા શા માટે છીએ? અથવા આપણામાં ઉઠતી સારી નરસી ભાવનાનું પ્રેરક બળ કયું? અથવા કયા પરિબળો જવાબદાર ? આપણી ભાવના ઉપર અનેક પરિબળોની સંકુલ અસર થતી હોય છે. **પરંતુ મુખ્યત્વે પરિસ્થિતિ, આપણું નિર્ધારીત લક્ષ્ય, મનમાં પડેલાં અજ્ઞાત વલણો અર્થાત્ આપણા સંસ્કારો, આપણા સંબંધો અને આપણી માન્યતાઓની પ્રબળ અસર થતી હોય છે.**

**પરિસ્થિતિ -** જે પરિસ્થિતિમાં આપણે ઉછર્યાં છીએ, જે વાતાવરણમાં આપણે રહીએ છીએ તે આપણી ભાવનાઓને અસર કરે છે.

**લક્ષ્ય -** આપણે નિર્ધારિત કરેલું લક્ષ્ય પણ આપણી ભાવનાને વળાંક આપે છે. જેવું લક્ષ્ય તેવાં લક્ષણો.

**સંસ્કાર -** સંસ્કાર એ તો આપણને ખબર પણ ન પડે તે રીતે આપણી ભાવનાઓને પ્રેરે છે.

**સંબંધ -** આપણો સંબંધ જેની સાથે હોય તેનો પ્રભાવ ઈષ્ટ કે અનિષ્ટ આપણી ભાવના પર પડે છે. દેખીતું છે જેવો સંગ તેવો રંગ.

### આપણી માન્યતાઓ

આપણી માન્યતાઓની આપણી ભાવના પર ખૂબ જ પ્રબળ અસર પડે છે. ઉદાહરણ તરીકે આપણી એવી માન્યતા હોય કે ઔષધ વિજ્ઞાન ઘણું જ આગળ વધેલું છે. દરેક રોગ માટે દવા છે. નિદાન સાચું થાય અર્થાત્ રોગ પરખાય તો તેની દવા લેવાથી રોગ અવશ્ય મટી જાય. આ પ્રબળ માન્યતાને કારણે એવું બની શકે કે આપણને જેમની નિદાન શક્તિમાં વિશ્વાસ હોય તે ડોક્ટર વોટરનાં ઈન્જેક્શન આપે અને દવા તરીકે રંગીન બાટલીમાં સાદું પાણી ભરી આપે અને આપણે ખરેખર સાજા થઈ જઈએ. આ ઈન્જેક્શન અને બાટલીમાંના પાણીને દવા માનવાથી સાજા થવાની આપણી સદ્‌ભાવના પ્રબળ રીતે જાગૃત થાય છે. પરિણામે આપણે સાજા થઈએ છીએ. આ એક મનોવૈજ્ઞાનિક અસર છે જેને Placebo Effect કહેવામાં આવે છે.

### સ્વપરિવર્તન - સદ્‌ભાવના - સંવાદિતાના વિકાસ માટે સાચી માન્યતા - જ્ઞાન આવશ્યક

સાચી માન્યતા - પ્રણાલી પર આધારિત જીવનશૈલીનો અનુભવ ખરેખર કરવા જેવો છે. આપણી પોતાની જાત વિશે, આપણા પરમપિતા વિશે, તથા આ વિશ્વલીલા વિશે આપણી માન્યતા બદલવાની જરૂર છે. ખોટી માન્યતાઓ આપણને દુર્ભાવનાઓ અને વિસંવાદિતા તરફ ઘસડી ગઈ. સાચી માન્યતા અથવા જ્ઞાન આપણને સદ્‌ભાવના અને સંવાદિતા તરફ નિઃશંકપણે દોરી જશે.

હું એક અજર અમર આત્મા છું. હું ચૈતન્ય છું. હું સ્વરૂપે જ્યોતિ બિંદુ છું. હું સ્વભાવે શાંત, પવિત્ર, પ્રેમાળ અને આનંદી છું. એ જ મારો અનાદિ અથવા શાશ્વત સ્વભાવ છે. હું ઈશ્વરનું સંતાન છું. તેઓ અત્યંત પ્રેમાળ, દયાળુ અને કરુણાના સાગર છે. તેઓ પરિપૂર્ણ અને પરમ પાવન છે. તેઓ સર્વ આત્માઓના પિતા છે. એટલે સર્વ આત્માઓ સાથે મારો ભ્રાતૃભાવનો સંબંધ છે. સ્નેહપૂર્ણ સાચો સંબંધ. પવિત્રતા એ જ સુખ શાંતિ

અને સૌંદર્યની જનની છે. આ વિશ્વલીલા એ નાટક છે. જેમાં આપણે સૌ આત્માઓ પાઠધારી પાત્રો છીએ. શરીરરૂપી વસ્ત્ર ધારણ કરી વેશ ભજવીએ છીએ. આ જ્ઞાન આ સાચી માન્યતાઓ આપણા અભિગમને બદલી નાંખશે. જીવનમાં સાક્ષી ભાવ ઉપરામ ભાવ આવશે. ઊંડી શાંતિનો અનુભવ થશે. સૌના પ્રત્યે અકારણ પ્રેમ જાગશે. આપણી સંકુચિત અને અનુદાર ભાવનાઓ ઓગળી જશે. આપણી દ્રષ્ટિ વિશાળ બનશે. સમસ્ત પૃથ્વી આપણું ઘર લાગશે અને માનવ જાત આપણો બહોળો પરિવાર જણાશે. માનવ જાત પ્રત્યેનો પારિવારિક પ્રેમ જ સદ્‌ભાવના અને સંવાદિતાને જન્મ આપશે.

પરમાત્મા સાથેનો મનોયોગ અને સ્વની ઓળખમાં સ્થિરતા આપણામાં શક્તિનો સંચાર કરે છે. વ્યક્તિ, સમૂહ અથવા પ્રણાલી તરફથી આવતી અનિષ્ટ અસરો સામે આ શક્તિ કવચ બની જાય છે. આ શક્તિ તેમનામાં સંક્રમિત થતાં તેઓમાં શુભત્વ અને પ્રેમ જગવે છે. આમ સંવાદિતા વ્યાપક બનતી જાય છે.

આત્મભાનમાં સ્થિર થઈને પરમાત્મા સાથે ભાવનાત્મક અનુસંધાન કરી તેમના સ્નેહ, શાંતિ અને આનંદનો સ્પર્શ પામવો - તેને રાજયોગ કહેવાય છે. આ યોગ આપણી ભાવના પ્રવૃત્તિ અને વ્યક્તિત્વને બદલી નાંખે છે. જીવનમાં પ્રેમ અને કાયદાનું, ધર્મ અને કર્મનું, સ્વાર્થ અને પરમાર્થનું પ્રવૃત્તિ અને નિવૃત્તિનું, આધ્યાત્મિક અને ભૌતિક પ્રગતિનું તથા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું **સમ્યક્ સંતુલન** અર્થાત્ **સંવાદિતા** સધાય છે.

હું શરીર છું એવું મિથ્યા ભાન - શરીર ભાન જ કામ ક્રોધ, લોભ વગેરે **અસદ્‌ભાવનાઓનું** મૂળ છે. આત્મભાન જાગૃત થતાં આ ભાવનાઓ ઓગળી જાય છે.

યોગના અભ્યાસથી વિવિધ દિવ્યગુણો અને આંતરિક શક્તિઓ વિકસે છે. વ્યક્તિત્વ સમૃદ્ધ બને છે. યોગાભ્યાસથી થતા લાભો જળવાઈ રહે અને વૃદ્ધિ પામતા રહે તે માટે કેટલાક **નિયમોનું નિષ્ઠાપૂર્વકનું પાલન જરૂરી છે.**

1. સારા માણસોની સોબત
2. શ્રેષ્ઠ સાહિત્યનો સંગ
3. પરમાત્મા સાથે વારંવારનો મનોયોગ
4. હલકાં પ્રકારનાં મનોરંજન ત્યજવાં વગેરે
5. શુદ્ધ સાત્વિક ભોજન
6. વ્યસન મુક્તિ
7. ગુણ ગ્રાહક દ્રષ્ટિ
8. ઈશ્વરીય જ્ઞાનનું શ્રવણ, મનન, નિદિધ્યાસન
9. મનસા વાચા અને કર્મણા બ્રહ્મચર્યનું પાલન
10. બાહ્ય અને અભ્યંતર શૌચ (શુદ્ધિ)

## શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ભાવના અને સંવાદિતાની આવશ્યકતા

આજનો વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે, એનું ઘડતર એટલે આવતી કાલના વિશ્વનું ઘડતર. શિક્ષણના ક્ષેત્રમાં આમ ભવિષ્યની દુનિયા પાંગરે છે. ઉછેરે છે. આવતી કાલના વિશ્વ બગીચાના વૃક્ષો માટેનું રોપા ઉછેર કેન્દ્ર અર્થાત્ નર્સરી એટલે શિક્ષણનું ક્ષેત્ર. અહીં જ વિષવેલ અથવા ફુલની વેલ તૈયાર થાય છે. અહીં જ કાંટાળા વૃક્ષોના અથવા ફળ ફુલના રોપા તૈયાર થાય છે. સદ્‌ભાવના અને સંવાદિતાના વારિનું સિંચન કરીશું તો આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ રોપા (Human Sapling) તૈયાર થશે. આવતી કાલનું વિશ્વ ફળ ફુલથી લચી પડતા વૃક્ષોનો બગીચો હશે. નફરત અને વિખવાદના વિષનું સિંચન કરીશું તો વિષવેલ, કાંટા અને ઝાંખરાના રોપા તૈયાર થશે. આવતી કાલનું વિશ્વ દુઃખદાયી કાંટાનું જંગલ

બની જશે. સૌથી વધુ મહત્વનું આ ક્ષેત્ર હોવા છતાં આપણા દેશમાં કદાચ સૌથી વધુ ઉપેક્ષિત આ શિક્ષણનું ક્ષેત્ર છે.

## સમાજનો સૌથી ઉન્નત અને આદરપાત્ર વ્યક્તિ શિક્ષક જ હોવો જોઈએ

જે શિક્ષકે અતિ મહત્ત્વનું શિક્ષણ ક્ષેત્ર સંભાળવાનું છે. જે શિક્ષક માનવ પેદા કરે છે. જે રાષ્ટ્રનું ઘડતર કરે છે. જે શિક્ષક માનવ સંસાધન વિકાસની અતિ મહત્ત્વની સેવા કરે છે તેનો જ અનાદર અમાનુષી શોષણ અને નીચાં વેતન! આપણા દેશ માટે આનાથી વધારે શરમજનક બાબત બીજી હોઈ શકે નહીં. આપણો દેશ અને સરકાર શિક્ષકની ગરિમા આંકવામાં નિષ્ફળ ગયાં છે. **શોષિત અને ઉપેક્ષિત એવા શિક્ષકના હાથે સમાનતાની ભાવનાવાળા, સામાજિક ન્યાય અને માનવીય મૂલ્ય પર આધારિત, ચારિત્ર્યશીલ સમાજનું ઘડતર કેવી રીતે થાય?** શિક્ષણ ક્ષેત્રની સાર્થકતા અને ઉપાદેયતા માટે શિક્ષકની પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના પાયાની આવશ્યકતા છે.

## શિક્ષણનો ઉદ્દેશ

શિક્ષણનો હેતુ માત્ર વસ્તુલક્ષી બૌદ્ધિક જ્ઞાન આપવું તેટલાં જ નથી. એના મુખ્ય ઉદ્દેશો છે.

1. મજબૂત ચારિત્ર્યનું ઘડતર કરવું.
2. સ્પષ્ટ અને સ્વતંત્ર વિચાર શક્તિ ખીલવવી.
3. નાગરિક ભાવના વિકસાવવી.
4. શાંતિ એકતા, સંવાદિતા જીવનશૈલી શીખવવી
5. વિધેયાત્મક વલણો - સર્જનાત્મક શક્તિનો વિકાસ.
6. રાષ્ટ્રભાવના અને સાંસ્કૃતિક વારસાનું જતન.
7. શારીરિક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક વિકાસ
8. મૂલ્ય શિક્ષણ આપવું.

## આપણી બધી સમસ્યાનું મૂળ કયું?

આપણી બધી સમસ્યાઓ જેમની તેમ રહે છે. શિક્ષણથી તેનું નિરાકરણ થવું જ જોઈએ. પરંતુ આપણે શિક્ષણના ઉદ્દેશને સફળ બનાવી શક્યા નથી. કારણ કે આપણે **અસંતુલિત શિક્ષણ** આપીએ છીએ. નૈતિક, માનવીય અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ આપણે આપતા નથી. એનો અભાવ આપણી બધી સમસ્યાઓના મૂળમાં છે. અને બધાં મૂલ્યમાં સદ્‌ભાવના કે સંવાદિતા પાયાનું મૂલ્ય છે. તેના સિવાય ઘર્ષણ, અથડામણ અને હિંસા થશે. જે બધી સિદ્ધિઓનો વિનાશ કરશે. એને ભરપાઈ કરવા અનામત સ્ત્રોતો વાપરવા પડશે અને છતાં મનમાં ડર અને તાણ રહ્યા કરશે કે ફરીથી આ બધું નાશ પામશે. આપણને કોઈ પણ મતભેદનો સહાનુભૂતિ અને સહયોગની ભાવના સાથે બૌદ્ધિક ઉકેલ શોધતાં આવડવો જોઈએ. બાકી સંવાદિતા વિનાનું જીવન એક ઢસરડો છે.

## અસંતુલિત શિક્ષણ એટલે?

આપણે જે વસ્તુલક્ષી માહિતી, તર્ક, વિજ્ઞાન, ગણિત અને બૌદ્ધિક વિકાસનું શિક્ષણ આપીએ છીએ તે આપણા મસ્તિષ્કના ડાબા ભાગને જ વિકસિત કરે છે. જે શિક્ષણ આપણી ભાવના, નૈતિકતા, કળા, મૂલ્યો, દિવ્યગુણો, સૂક્ષ્મ સંવેદનાઓ વગેરેને વિકસિત કરે છે તે આપણા જમણા મસ્તિષ્કના વિકાસ માટે છે. આ શિક્ષણ આપણે આપણા શિક્ષણના ક્ષેત્રમાં ખાસ કરીને આપતા નથી. એટલે આપણું શિક્ષણ અસંતુલિત છે. વિજ્ઞાન અને તકનીકીએ યંત્ર-માનવોનો આવિષ્કાર કર્યો છે. પણ આપણું અસંતુલિત શિક્ષણ માનવયંત્રો તૈયાર કરતું જાય

(અનુસંધાન પેજ નં. 09 પર)

# શિવરાત્રીની અનુપમ વિધિ - દે દાન તો છૂટે ગ્રહણ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ.

ભારતવર્ષમાં બે મહાન સંતો સંત કબીર અને સંત તુલસીદાસે દાનનો મહિમા કરતા કહ્યું છે 1. ચિડી ચોંચ ભર લે ગઈ, નદી ન ઘટીયો નીર, દાન દિયે ધન ન ઘટે કહ ગયે કબીર... 2. તુલસી પંછી કે પીએ ઘટે ન સરિતા નીર, દાન દિયે ધન ના ઘટે જો સહાય રઘુવીર.

પ્યારા બાબાએ પણ બાળકોને પ્રેરિત કરતા કહ્યું છે કે જ્ઞાન રત્નોથી ભરપૂર રહેવા માટેનું સાધન દાન છે. જેટલું બીજાને દાન કરશો, તેટલું પોતાની જાતને ભરપૂર કરશો. જે દાનનું મહત્વ સ્વયં પરમાત્મા કરતા હોય તે દાન વિશે સમજવાનો અત્રે પ્રયત્ન છે.

દાન એટલે આપવાની પ્રક્રિયા અર્થાત આપની પાસે રહેલી વસ્તુ જેમ કે ધન, પદાર્થ, ભૂમિ, ચીજવસ્તુ, જ્ઞાન, અન્ન વગેરે બીજાને આપવી. વળી, એ જરૂરી છે કે દાનમાં આપેલી વસ્તુ માટે કોઈ પણ પ્રકારનું વિનિમય ન થવું જોઈએ. શાસ્ત્રમાં દાન વિશે કહેવામાં આવેલ છે કે દાન ત્યારે જ પરિપૂર્ણ કહેવાય છે જ્યારે દાનમાં આપેલી વસ્તુ પર પ્રાપ્તકર્તાનો અધિકાર સ્થાપિત થાય છે. ધારો કે કોઈ વસ્તુ દાનમાં આપવામાં આવે છે. પરંતુ પ્રાપ્તકર્તાને તેનો કબજો મળે તે પહેલાં તેનો નાશ થઈ જાય તો તેને દાન કહી શકાય નહીં. આવી સ્થિતિમાં, દાતા આમ કરવા માટે બંધાયેલા ન હોવા છતાં, દાતાને દાનનું ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. આ વાતને જ્ઞાનની દૃષ્ટિથી કહે છે કે દાન પાત્ર જોઈને આપશો. નહી તો એ પણ વ્યર્થના ખાતામાં ગણાશે.

દાન ત્રણ પ્રકારના છે - સાત્વિક, રાજસ અને તમસ.

## સાત્વિક દાન

જે દાન કોઈ પવિત્ર સ્થાને અને યોગ્ય સમયે જે હસ્તીએ દાતા પર કોઈ ઉપકાર ન કર્યો હોય તેને આપવામાં આવે તે સાત્વિક દાન કહેવામાં આવે છે.

સાત્વિક દાન જ આત્માને સાચા અર્થમાં ખુશી આપે છે, સંતોષ આપે છે અને પુણ્યનું ભાથું બની અનેક જન્મો માટે પુણ્યાત્મા બનાવી દે છે. પ્યારા બ્રહ્માબાબાની વાત કરીએ તો તેઓ અજ્ઞાનકાળમાં ગરીબોને જાણીજોઈને વધારે ધાન્ય આપી દેતા હતા. શિવબાબાના બન્યા પછી પોતાની બધી જ ચલ-અચલ સમ્પત્તિ બાળકોને જેમની સાથે લૌકિક દૃષ્ટિથી કોઈ પણ સંબંધ ન હતો ટ્રસ્ટ બનાવી આપી દીધી. આ બે દાખલાને સમજીશું તો ખબર પડશે કે આ દાન સાત્વિક દાન કહેવાય. કારણ કે આપેલા દાનથી દાન સાર્થક થયું. ગરીબોને તેમના શરીર નિર્વાહમાં ટેકો મળ્યો. બાબાએ આપેલા દાનથી ૩૫૦ - ૪૦૦ ભાઈ-બહેનોના શરીર અને આત્મા બન્નેને સશક્ત બનાવવામાં સહયોગ મળ્યો. એવી મહાન આત્માઓ તૈયાર થયા કે જે સમગ્ર વિશ્વ-પરિવર્તન માટે તન-મન-ધન થી સમર્પિત થયા. વળી આપ્યા પછી બાબાએ સંકલ્પ માત્ર પણ એ લાગણી વ્યક્ત નથી કરી કે મેં આપ્યું. જયારે કોઈ દાન અંગે ચર્ચા કરતું તો બાબા હમેશા એ વાતને બિન્દી લાગવી દેતા અને કહેતા શિવબાબા જે આપી રહ્યા છે એની સરખામણીમાં કણ પણ નથી. અને મારું છે શું? બધું જ એનું છે અને એ બાળકોના કલ્યાણ માટે વાપરી રહ્યો છે. બાબાની જીવન કહાનીમાં એક પ્રસંગ આવે છે. દાદી નિર્મલશાંતાજી જયારે કિશોર

અવસ્થામાં હતા ત્યારે તેઓએ પોતાની બંગડીઓ કામવાળા બાઈને આપી દીધી હતી. ત્યારે કામવાળા બાઈએ બાબાને બંગડીઓ પાછી આપવા પ્રયત્ન કર્યો. ત્યારે બાબાએ બંગડી ન લેતા કામવાળા બાઈને કહ્યું કે આપેલું દાન પાછા લેવાની આપણી સંસ્કૃતિ નથી. આમ કહેવામાં આવ્યું છે કે જમણા હાથેથી આપેલું દાન ડાબા હાથને પાન ખબર ના પડે તે સાચું દાન. એજ સાત્વિક દાન છે. સાત્વિક દાનનું જ અસાધારણ મહત્વ છે.

### રાજસ દાન

પોતાના પર કરવામાં આવેલ કોઈપણ ઉપકારના બદલામાં અથવા કોઈ ફળની ઈચ્છાથી અથવા મજબૂરીમાં આપવામાં આવેલ દાનને રાજસ દાન કહેવામાં આવે છે.

બાબાના કાર્યમાં આપણે સહયોગ આપીએ ત્યારે મનમાં કોઈ ઈચ્છા ઉત્પન્ન થાય છે. કોઈ મારું નામ લે, મારી પ્રશંસા કરે, મને ટોલી મળે, મને ચાંસ મળે, મને આગળ કરવામાં આવે જેવી અલ્પકાળની હદની ઈચ્છા દાનને રાજસ દાનમાં પરિવર્તન કરી દેશે. અને પ્રાપ્તિમાં નંબરવનની જગ્યાએ નંબરવારની યાદીમાં સ્થાન પ્રાપ્ત થશે.

### તમસ દાન

જે દાન અપાત્ર અને અયોગ્ય વ્યક્તિને, આદર વિના, અપવિત્ર સ્થાને અને અયોગ્ય સમયે આપવામાં આવે છે, તેને તમસ દાન કહેવાય છે.

તમસ દાન પાપના ખાતાને વધારે છે. સમજો કે આપણે કોઈ ભિખારીને રહેમદિલથી ધન દાન કર્યું. પણ ભિખારીએ આપેલા ધનથી દારૂ પીધો કે જુગારમાં પૈસા હારી ગયો અથવા વ્યસનોમાં ધનનો વ્યય કર્યો તો આપેલું દાન પાપના ખાતામાં જમા થશે માટે જ આ પ્રકારના દાનને તમસ દાન કહેવામાં આવેલ છે.

દુનિયામાં અનેક પ્રકારના દાનની વાતો થાય છે. જેમ કે અન્નદાન. ધનદાન, રક્તદાન, વિદ્યાદાન, ભૂ-દાન, કન્યાદાન, વસ્ત્રોનું દાન, અંગદાન વગેરે. આ દાન કરવા માટે બાળપણથી આપણને હમેશા પ્રેરિત કરવામાં આવ્યા છે. પણ બાબાએ આ ઉપરાંત જે દાનની વાત કરી છે તે ખૂબ જ શ્રેષ્ઠ, મહીન અને સૂક્ષ્મ છે. ઉપરોક્ત પ્રકારનું દાન નરીઆંખે દેખાય છે. પણ બાબાએ જે દાનની મહિમા કરી છે તેને સમજવા દિવ્ય દૃષ્ટિ જોઈએ. બાબાએ આપણને 1. જ્ઞાનદાન 2. ગુણોનું દાન 3. શક્તિઓનું દાન 4. મન-વચન-કર્મથી યોગદાન અને 5. ચરિત્રનું દાન. આ પાંચેય પ્રકારનું દાન સૂક્ષ્મ તો છે જ પણ સાંપ્રત સમયમાં અતિ આવશ્યક દાન છે. આજે સમગ્ર વિશ્વના આત્માઓને જ્ઞાન, ગુણ, શક્તિ, સહયોગ અને ચરિત્ર્યની ખૂબ આવશ્યકતા છે. તેમજ સ્વર્ણિમ દુનિયાની સ્થાપનાના પાયામાં પણ આ જ બાબતો છે અને આવવાવાળી દુનિયામાં મહારાજા-મહારાણી પદ પ્રાપ્ત કરવાનો આધાર પણ આ જ બાબતો છે.

### શિવરાત્રી મહાદાનનું પર્વ


વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં શિવરાત્રી ધૂમધામથી ઉજવાશે. કોઈ ઉપવાસ કરશે તો અભિષેક કરશે. કોઈ જાગરણ કરશે તો જાપ કરશે. પરંતુ બાબાએ શિવરાત્રીને અલગ રીતે ઉજવવા માટે પ્રેરીત કર્યા છે. દર-દર ભટકી રહેલ આત્માઓને, સુખ-શાંતિ માટે તરસી રહેલ આત્માઓને, અશાંત આત્માઓને જ્ઞાન, ગુણ, શક્તિ, સહયોગ કે ચરિત્રનું દાન આપવા માટે, તેઓની જન્મ-જન્માન્તરની ભૂખને તૃપ્ત કરવા માટે બાબાએ બ્રહ્માવત્સોને પ્રોત્સાહિત કર્યા છે.

**(અનુસંધાન પેજ નં. 11 પર)**

## યજ્ઞના આધાર સ્તંભ, અજ્ઞાત આધારશીલા

# દાદા વિશ્વકિશોર જી (ભાઉ)

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ.



દુનિયાભરના સહેલાણીઓ તાજમહેલની સુંદરતા જોઈ, તાજની પ્રશંસા કરતા થાકતા નથી. એમાં પણ પૂનમનાં ચાંદની દૂધ જેવી ચાંદનીમાં નહાતો તાજ કેટલો અદ્‌ભુત લાગે છે. તેની સંગેમરમરમાં કોતરેલી અજોડ કોતરણીઓ એમ જ મનને મોહી લે છે. પરંતુ ધરતીમાં સમાયેલી આધાર શીલાઓને કોણ જાણે છે? પણ તાજ ઊભો છે તો પાયાના પથ્થરો પર જ. એ જ રીતે અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવતી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પણ કોઈ રૂહાની દીવાદાંડીથી ઓછી નથી. આજે વિશ્વ પ્રસિદ્ધ બ્રહ્માકુમારીઝ સંસ્થા ઉભી છે તો માત્ર કેટલાક ચુનંદા મહારથીઓના ત્યાગ અને બલિદાનના પાયા પર જ. તેવી જ રીતે, રુદ્ર યજ્ઞની આધારશીલા બનનાર મહાવીર, સપૂત, પ્રીતબુદ્ધિ પાંડવોની યાદીમાં, ગૌરવ અને ગરિમા સાથે લેવામાં આવતું એકમાત્ર અને અગ્રણી નામ છે 'દાદા વિશ્વકિશોર જી' જેમણે રુદ્ર યજ્ઞમાં પોતાનાં તન-મન અને ધનની આહુતિ આપી દીધી. સમય, સંકલ્પ, શ્વાસ બધુ કુરબાન કરી સર્વસ્વ સમર્પણ કર્યું. નામ-માન-શાનની કુરબાની આપીને પણ તેઓ જમીનમાં દટાયેલા પાયાની જેમ હંમેશા અજ્ઞાત રહ્યા. યજ્ઞના પાયાના પથ્થર બન્યા. વિશ્વ પટલ પર દૈદિપ્યમાન તેજસ્વી સૂર્યની જેમ ઉભરતી બ્રહ્માકુમારીઝ વિદ્યાલયે આધ્યાત્મિક ક્રાંતિ દ્વારા જે ગગનચુંબી કીર્તિમાન બનાવ્યા છે, તેની સમગ્ર વિશ્વ દ્વારા પ્રશંસા કરવામાં આવી રહી છે, પરંતુ આત્મ બલિદાન કરી હંમેશા પોતાને ગુપ્ત રાખનાર આદિ રતન, બ્રહ્મા બાબાના જમણા હાથ 'દાદા વિશ્વ કિશોર જી'ના બલિદાનની ગાથા ક્યારેય ભૂલી ના શકાય.

સિંધ હૈદરાબાદમાં જન્મેલા દાદાનું દૈહિક નામ હતું 'ભૈરુ દાદા'. બધા તેને પ્રેમથી 'ભાઉ' કહેતા હતા. તેઓ દાદા લેખરાજજીના ભત્રીજા (મોટા ભાઈના પુત્ર) હતા, બંનેનો એકબીજા પ્રત્યે પિતા-પુત્ર જેવો પ્રેમ હતો. કલકત્તાના પ્રસિદ્ધ બિઝનેસ સેન્ટર ચાર્લ્સહોગ માર્કેટ (ન્યૂમાર્કેટ)ની બરાબર મધ્યમાં, ભાઉનો હીરા-જવેરાતનો મ્યુઝિયમ જેવો શોરૂમ હતો, જ્યાં વિદેશીઓ હીરા-રત્ન જડિત સુંદર સુવર્ણ અલંકારો જોતા અને ઓર્ડર આપતા. તેની સામે જ સાત માળની બિલ્ડીંગના પહેલા માળે, દાદા લેખરાજજીની હીરા- ઝવેરાતની હોલસેલની દુકાન હતી, ત્યાં, ભાઉ વિદેશી ગ્રાહકોને કાકા (દાદા લેખરાજ) પાસે લાવતા. તેઓ તેમની પાસે ખૂબ જ સુંદર ઘરેણાં બનાવતા. પરમાત્માની પ્રવેશતા પછી દાદા લેખરાજ હીરા-ઝવેરાતનો ધંધો સમેટીને હૈદરાબાદ આવ્યા, શિવબાબાને સમર્પિત થઈ, 'પ્રજાપિતા બ્રહ્માબાબા' કહેવાયા. બાબાથી પ્રેરિત થઈ ભાઉનાં મનમાં પણ એક શુભ વિચાર જાગ્યો, 'હું પણ બાબાનું અનુકરણ કેમ ન કરૂં?' તેથી જ્યારે તેમણે બાબા સમક્ષ પોતાનાં દિલની શુભ આશાઓ વ્યક્ત કરી, તો બાબાએ કહ્યું, 'યોગ્ય સમય આવશે ત્યારે હું તમને સલાહ આપીશ કે તમે


તમારી જાતને સંપૂર્ણપણે પ્રભુને સમર્પિત કરો.' બાબાના આદેશને અનુસરીને ભાઉ હંમેશા ખુશ રહેતા. છેવટે, ૧૯૩૮માં, બાબાનો આદેશ મળ્યો. ભાઉ પોતાનો વ્યવસાય સમેટી કરાંચી ગયા. બાબાને અનુસર્યા પછી આખરે ભૈરુદાદાએ પણ ધર્મપત્ની સાવિત્રી (દાદી સતરીજી) સાથે સમર્પિત થઈ ગયા. યજ્ઞમાં સહપરિવાર સમર્પિત થનાર તેઓ પહેલા પાંડવ હતા. આદિથી અંત સુધી વિશ્વકિશોર દાદા યજ્ઞની આધારશીલા - આધાર સ્તંભ બનીને રહ્યા.

સમર્પિત થતાની સાથે જ ભાઉને શિવ પિતાથી અલૌકિક નામ મળ્યું 'વિશ્વકિશોર'. 'જેવું નામ તેવું કામ'ની કહેવત અનુસાર, તેઓ વિશ્વના માલિકના કિશોર (વિશ્વ મહારાજન શ્રી નારાયણનાં પુત્ર) બનવાનું લક્ષ્ય રાખી પુરુષાર્થ કરતા હતા. યજ્ઞમાં સર્વ બ્રહ્મા વત્સો તેમને પ્રેમ - આદરથી 'ભાઉ' કહેતા હતા. બાબાને એક્યુરેટ ફોલો ફાધર કરનાર વિશ્વકિશોર દાદા પણ બાબા સમાન જ અનુભવીમૂર્ત, ત્યાગવૃત્તિવાળા અને સંપૂર્ણ નિશ્ચયબુદ્ધિ હતા. તેઓ માતાઓ-બહેનોને હંમેશા આગળ રાખતા હતા. કોઈ તેમને પૂછે કે 'આ સંસ્થામાં તમારૂં સ્થાન શું છે?' ત્યારે ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વ્યવસ્થાપક હોવા છતાં નિરંહકારી ભાઉ ખૂબ નમ્રતાથી કહેતા કે, 'હું તો માત્ર માતાઓ-બહેનોનો નાનો સેવક માત્ર છું.' તેઓ પત્ર વ્યવહારમાં પોતાને 'ઈશ્વરીય સેવક' લખીને સહી કરતા હતા. ઈમાનદાર વફાદાર ભાઉ પર બાબાને પણ ખૂબ જ ગર્વ અને વિશ્વાસ હતો, સંપૂર્ણ ભરોસો હતો, આથી કપડાં અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી કરવી હોય, ઘર ખરીદવું હોય કે બસ-ગાડીની વ્યવસ્થા કરવાની હોય તો બધો કારોબાર બાબા ભાઉ પાસે જ કરાવતા. તેમને બાબા પર સંપૂર્ણ નિષ્ઠા અને અપાર શ્રદ્ધા હતી. બાબાની જેમ જ તેઓ પણ અત્યંત નિઃસ્વાર્થ હતા. જીવનભર તેમણે બાબાના આદેશોને માથે રાખી, બાબાના પગલે પગલે ચાલતા હતા. યજ્ઞનું દરેક આયોજન શ્રીમત પ્રમાણે સચોટ રીતે કરતા હતા. તેમને દરેક કાર્યની સફળતાનું જાણે વરદાન પ્રાપ્ત થયું હતું. શિવ પિતાએ 'યજ્ઞ'ને ભારતમાં સ્થાનાંતરિત કરવાનો આદેશ આપ્યો, ત્યારે ભાઉ આબુ આવ્યા અને બ્રિજકોઠી પસંદ કરી.

દિવંગત ભ્રાતા રમેશજીએ દાદાનાં સંગની સોનેરી યાદો આ રીતે સંભળાવી છે, 'એકવાર અમે મુંબઈમાં અમારા ઘરે જમતા હતા, ત્યારે દાદાએ પૂછ્યું, 'તમે જમવાનું નહીં પૂછો?', ત્યારે મેં અચકાતાં કહ્યું, 'તમે ગૃહસ્થીઓનું કેવી રીતે જમશો?'તો તેમણે કહ્યું 'તમારા ઘરમાં બધાં પવિત્ર છે, તેથી હું ખાઈ શકું છું.' તે વખતે શાકમાં ગુજરાતી ઉંધીયુ બનાવવામાં આવ્યું હતું. મેં ઉષાજીને કહ્યું, 'બટાકા કાઢીને ઉંધીયાનું શાક પીરસો' તો દાદાએ કહ્યું 'મને બટાકા ભાવે છે.' આ પ્રમાણે ભોજન ગ્રહણ કરી તેમણે અમારા માટે ઈશ્વરીય સેવાના દ્વાર ખોલી દીધા, જેના કારણે મમ્મા ૧૮ મહિના અમારા ઘરે રહ્યા. મમ્માની હીરા સમાન પાલના મેળવવાનો શ્રેય પણ વિશ્વકિશોર દાદાને જાય છે. ૧૯૫૭માં જ્યારે બાબા-મમ્માને મુંબઈ આવવાનું નિમંત્રણ આપ્યું, ત્યારે તેમના આગમન પહેલાં, દાદાએ તેમને સેવા માટે જવા એક કાર લાવવા કહ્યું અને કારમાં થોડા માઈલ દૂર ગયા પછી, તેમણે કહ્યું, 'હું જરૂરી કાગળો તો સેંટર પર જ ભૂલી ગયો, આપણે કાલે જઈશું.' એ જ રીતે કોઈને કોઈ કારણ આપીને તેમણે ત્રણ-ચાર દિવસ સુધી મારી પાસે ગાડી હંકારાવતા રહ્યા. પછીથી મને કહે - 'રમેશજી, તમે કંઈ સમજ્યા?' મેં કહ્યું 'ના', તો દાદાએ કહ્યું, 'મેં

તમારા ડ્રાઈવિંગની પરીક્ષા લીધી, હવે બાબા-મમ્મા તમારી કારમાં આવી શકે છે.' જેથી બાબા અને મમ્માને હું કારમાં પુના લઈ જઈ શક્યો. હું દાદાને મારા મોટા ભાઈ અને હનુમાનનાં રૂપમાં જોતો હતો. જેમ હનુમાન રામ લક્ષ્મણની સુરક્ષાને લઈને હંમેશા ચિંતિત રહેતા હતા, તેવી જ રીતે વિશ્વકિશોર દાદા પણ બાબા-મમ્માના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેતા. જ્યારે પણ બાબા-મમ્મા ટ્રેનથી મુંબઈ જતા ત્યારે દાદા ગુજરાત પશ્ચિમ રેલવેના મેનેજરને મળતા અને ટ્રેનમાં જૂના જમાનાનો એક અલગ ફર્સ્ટ ક્લાસ કમ્પાર્ટમેન્ટ લગાવડાવતા, સાથે જ બાબા માટે એવી સીટ પણ પસંદ કરતા કે જેની નીચે ટ્રેનનું પૈડું ન હોય. જેથી બાબા ગાઢ નિંદર લઈ શકે. કેન્સરના ઓપરેશન માટે મમ્મા કાનપુરથી મુંબઈ ગયા, ત્યારે ઓપરેશન થિયેટરમાં હનુમાન બની પોતે સ્ટ્રેચર પકડીને, મને પાછળથી પકડવા કહ્યું, સાચે જ એમને મમ્મા-બાબા માટે સાગર કરતાં પણ ઊંડો પ્રેમ અને હિમાલય કરતાં પણ વધારે આદર હતો.

શરૂઆતમાં પાંડવ ભવન વિશ્વકિશોર દાદાના નામે ખરીદવામાં આવ્યું હતું, પરંતુ દાદાની હૃદયપૂર્વક ઈચ્છા હતી કે તે યજ્ઞના નામે થાય. તેથી, તેમણે જાણીતા વકીલો પાસે દસ્તાવેજો બનાવ્યા, પરંતુ બાબાએ તેનો અસ્વીકાર કર્યો. એ દિવસોમાં તેમનું પ્રોસ્ટેટનું ઓપરેશન કરવાનું નક્કી થયું, તો દાદાએ મારી પાસે પાંડવ ભવનના કાયદાકીય કાગળો બનાવડાવ્યા, અમે બંને બાબાની મંજૂરી લેવા આબુ આવ્યા. રેલ્વે સ્ટેશન પર ઉતરતાં જ જોયું કે ભોલીદાદી ચીઠ્ઠી લઈને ઊભા છે. બાબાએ લખ્યું હતું, 'રમેશે બનાવેલા ડોક્યુમેંટ્સનું રજીસ્ટ્રેશન કરાવીને જ આબુ આવજો.' ત્યારે દાદાએ કહ્યું, 'બાબા, એક વાર જોઈ તો લો' બાબાએ ના પાડી. અમે રજીસ્ટ્રેશન કરાવીને પહોંચ્યા ત્યારે દાદાનાં પૂછવા પર બાબાએ કહ્યું, 'આ કાગળો મેં જ રમેશ પાસે બનાવડાવ્યા છે, તો શા માટે જોઉં?' આ રીતે બાબા પાસેથી મને ઈશ્વરીય દસ્તાવેજો બનાવવાનું વરદાન મળ્યું. પછી હું, દાદા અને સંતરીદાદી ઓપરેશન માટે મુંબઈ જવા નીકળ્યા ત્યારે ભાઉ અને મારી વચ્ચે બાબા ઊભા હતા. બાબાએ ચંદ્રહાસદાદા પાસે ફોટો પડાવ્યો હતો. બાબા ફોટોગ્રાફ્સ લેવા નહોતા દેતા આથી મને નવાઈ લાગી એટલે મેં ભાઉને પૂછ્યું, 'બાબાએ ફોટો કેમ પડાવ્યો?' ત્યારે વિશ્વકિશોર દાદાએ એક રહસ્ય બતાવ્યું,' મારી બ્રહ્માબાબા સાથે આ છેલ્લી મુલાકાત હતી. મેં બાબાને કહ્યું કે યજ્ઞમાં જગદીશભાઈ, રમેશભાઈ, નિર્વૈરભાઈ અને



બ્રીજમોહનભાઈ જેવા યોગ્ય બ્રહ્માવત્સો આવી ચૂક્યા છે, તેથી હું માનું છું કે હવે મારું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, તેથી હું આગળની સેવા માટે એડવાંસ પાર્ટીમાં જવા માંગુ છું. તો બાબાએ તથાસ્તુ કહીને મારી વિનંતીનો સ્વીકાર કર્યો. ઓપરેશન પછી હું ઉઠીશ નહીં, તેથી મારી આ અંતિમ વિદાયના ફોટાને સ્મૃતિચિહ્ન તરીકે રાખવા માટે બાબાએ તેમનો ફોટો ન લેવાનો નિયમ તોડ્યો.' દાદાએ જાણે બાબા પાસેથી ઈચ્છા મૃત્યુનું વરદાન મેળવી લીધું.... અને ખરેખર ઓપરેશન પછી દાદાએ દેહ ત્યાગ કર્યો. તેમના પાર્થિવ દેહને ગામદેવી સેન્ટરમાં લાવવામાં આવ્યો ત્યારે અવ્યક્ત બાપદાદાની પધરામણી થઈ. બાપદાદાએ એક રહસ્ય બતાવ્યું કે ઓપરેશન ટેબલ પર જ દેહત્યાગ કરવાની દીકરાની ઈચ્છા હતી, પરંતુ એવું થાત તો ડોક્ટરનું નામ ખરાબ થાત, તેથી બાબાએ દીકરાને પાંચ દિવસની લાઈફ એક્સ્ટ્રા આપી. અમે અંતિમ સંસ્કાર માટે તેમના મૃતદેહને આબુ લાવવાની સ્વીકૃતિ માંગી ત્યારે નિર્મોહી બાબાએ પ્રકાશમણિદાદી અને સંતરીદાદી દ્વારા અંતિમ સંસ્કાર કરવાની પરવાનગી આપી.

કટકના કમલેશદીદી દાદાની નજરે જોયેલી વિશેષતાઓ આ રીતે વર્ણવે છે, 'હું ૧૯૬૫માં પહેલી વાર ભાઉને મળી, ભાઉ ખૂબ જ શાંતસ્વરૂપ અને નમ્રચિત્ત હતા, ધારણાઓને સંપૂર્ણપણે અમલમાં લાવનાર દાદા નિયમ સંયમના મૂર્ત સ્વરૂપ હતા. તેઓ ક્યારેય ઉંચી આંખ કરીને કોઈને જોતા નહીં. બાબાએ મને ભાઉનું ભોજન બનાવવા અને ખવડાવવાની સેવા કરવાનું સૌભાગ્ય આપ્યું. ભોજનમાં ક્યારેય કોઈ ખામી ના કાઢતા, ન તો કોઈ ભૂલો બતાવતા. તેમનું જીવન ખૂબ જ સાત્વિક હતું. બાબાની યાદમાં ભોજન કરતા તો લાગતું કે જાણે બાબા તેમની સાથે છે. કંઈક કહેવું હોય તો અવાજ કરવાને બદલે ફક્ત ઇશારા દ્વારા બધી વાતો બતાવી દેતા હતા. તે સમયે, સેવાકેન્દ્રો ઓછા હતા, તેથી યજ્ઞ કારોબાર માટે ઘણી જગ્યાએ જવું પડતું, તો એક કીટમાં ભોજનની સામગ્રી, વાસણો અને એક નાનો સ્ટવ વગેરેની કીટ સાથે લઈ જતા. યાત્રામાં જાતે જ ભોજન બનાવીને જમતા. ભાઉ અન્નશુદ્ધિની ધારણામાં ખૂબ જ મક્કમ હતા, ખરેખર, દરેક નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં તેમની બરાબરીનું કોઈ ન હતું. તેમનું જીવન અલૌકિકતાનું ઉદાહરણ હતું. યજ્ઞમાં પવિત્રતાના વ્રતમાં અડગ રહેતા દાદા, સંતરીદાદી (સાવિત્રીજી) સાથે રહેતા પણ ખૂબ ન્યારા-પ્યારા થઈને રહેતા. બંને મૂર્તિઓને જોઈને ક્યારેય ન લાગતું કે તેઓ લૌકિક સંબંધમાં પતિ-પત્ની છે. તેમની ધારણાઓ તો લાજવાબ હતી. બાબાની સાથે ચાલતી વખતે એવું લાગતું હતું કે જાણે કોઈ નાનું બાળક પિતાની આંગળી પકડીને ચાલી રહ્યું હોય, તેમના કાર્યોમાં નિર્માણતા દેખાતી હતી.

સાકાર બાબા મમ્માની પાલનામાં ઉછરેલા, મધુબન નિવાસી બ્ર.કુ. વીનુબહેન ભાઉ સાથેનાં તેમના અનુભવને આ રીતે વર્ણવે છે - ભાઉ ઉચ્ચ વ્યક્તિત્વના સ્વામી હતા. વીલ પાવરથી સમૃદ્ધ હતા. દાદા દૂરથી જ બધાને આકર્ષિત કરતા હતા. તેઓ જ્યાંથી પસાર થાય, તેમને જોઈને બધા સાવધાન થઈ જતા અને કહેતા, 'ભાઉ આવે છે, ભાઉ આવે છે, શાંતિ રાખો. ખૂબ જ સમૃદ્ધ પરિવારમાંથી હોવા છતાં, તેમની ત્યાગ તપસ્યા મહાન હતી. ક્યારેક ૮-૮ દિવસ સેવા કર્યા પછી પરત ફરતા ત્યારે ભોલીદાદી ભોજન બનાવતા, હું ભોજન પીરસતી અને પછી તેમને પ્રેમથી ખવડાવતી, ત્યારે તેઓ કહેતા, 'ભોજન તો આજે જ કર્યું છે.' એક વાર તેમને રાખડી બાંધી ત્યારે

બાબાએ હસીને કહ્યું, 'ભાઉ કંઈ અપવિત્ર થોડા છે?' હું સાત વર્ષની હતી, મેં કહ્યું, 'બાબા, મને રકમ મળશે', તો બાબા હસ્યા. ૧૯૬૮માં ઓપરેશન માટે મુંબઈ ગયા અને રમેશ ભાઈ સાથે પાછા ફર્યા, ત્યારે બાબાએ ૮દિવસ સુધી ભાઉ પર ખૂબ જ પ્રેમ વરસાવ્યો, બાબાએ તેમને દરરોજ પોતાની સાથે બેસાડી ભોજન કરાવ્યું. પછી જવાનો સમય આવ્યો ત્યારે બાબાએ ગાદી પર બેસાડી કહ્યું, 'દીકરા, જઈ રહ્યા છો, ભલે જાઓ, બાબાને બેફિકર કરી દીધા છે.' કારણ કે તેમની અંતિમ વિદાય પહેલા ભાઉએ તેમની તમામ જવાબદારીઓ ખુશી-ખુશીથી પૂરી કરી હતી. તમામ સરકારી ફાઈલોઅપ ટુ ડેટ કરી હતી. જેથી તેમના પછી કોઈને કંઈ તકલીફ ન પડે. ઓપરેશન દરમિયાન બાબા ભાઉ માટે ખાસ યોગ કરતા હતા, રોજ રાત્રે મુંબઈથી ફોન આવતો હતો, બાબા કોલ એટેન્ડ કરવા હિસ્ટ્રીહોલથી ઓફિસમાં જતા હતા. આબુ છોડ્યાના આઠ દિવસ પછી સવારે ભાઉના દેહ ત્યાગનો ફોન આવ્યો, પ્રકાશમણિદાદીએ પૂછ્યું, 'પાર્થિવ દેહને આબુ લાવીએ?' તો બાબાએ કહ્યું, 'મુંબઈમાં અંતિમ સંસ્કાર કરજો, ફક્ત બાબાને એટલું જણાવજો કે અગ્નિ સંસ્કાર કરી કેટલા વાગ્યે પરત ફર્યા. સાંજે ચાર વાગ્યે દાદીનો ફોન આવ્યો કે અગ્નિ સંસ્કાર થઈ ગયા. ત્યારે ભારતીય પરંપરા મુજબ આખો ભંડારો ધોવામાં આવ્યો અને સંસ્કારની સૂચના પછી બાબાએ સ્નાન કર્યું અને ભોજન લીધું. તે દિવસે બાબાએ નહોતો નાસ્તો કર્યો કે નહોતું ભોજન કર્યું, તેમણે માત્ર દૂધ પીધું હતું. આ રીતે, ઈચ્છા મૃત્યુના વરદાનની શક્તિથી, વિશ્વકિશોર દાદાએ ૧૨ માર્ચ, ૧૯૬૮ના શુભ દિવસે, દેહના પિંજરામાંથી મુક્ત થઈ સતયુગી સ્વર્ણિમ સંસારની સ્થાપના કરવા માટે એડવાંસ પાર્ટીમાં જવા રવાના થયા. આવા રુદ્ર યજ્ઞના મહાન સેનાની-આત્મબલિદાની, ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના અતૂટ આધારસ્તંભ અને અજ્ઞાત આધારશીલાને તેમના પાવન સ્મૃતિ દિવસ પર અમારા કોટી કોટી નમન!

**અનુવાદ : બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

શિવજયંતી મહાવદ તેરસના દિવસે આવે છે. જે અજ્ઞાન અંધકાર અને તમોપ્રધાનતાની સૂચક છે. આજે આપણે અનેક જયંતીઓ ઉજવીએ છીએ પરંતુ પતિત પાવન, પરમપ્રિય, પારલૌકિક પરમપિતા પરમાત્મા શિવની દિવ્યજયંતી જ હીરાતુલ્ય છે. તેથી પતિત પાવનની જયંતી આપણે અતિ ઉલ્લાસ અને ઉત્સવથી ઉજવવી જોઈએ. જન્મોત્સવ ઉજવતી વખતે ભેટ આપવાની પ્રથા છે. આપ પરમપિતા પરમાત્મા શિવના જન્મોત્સવ નિમિત્તે કઈ ભેટ આપશો? શિવ પર આકડો ધંતૂરો ચઢાવવામાં આવે છે. મહાકાલેશ્વર પરમાત્મા શિવે માનવતાના કલ્યાણાર્થે હળાહળ વિષનું પાન કર્યું. તેથી આપ પણ જીવનમાં દુ:ખ, અશાંતિ પેદા કરનારા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર રૂપી હળાહળ વિષને પરમાત્મા શિવને ભેટ ચડાવી દો. માનવ માત્રને પાવન નિર્વિકારી બનાવવાનું બીડું ઉઠાવો. ફલસ્વરૂપે આપને પૂર્ણ પવિત્રતા, સુખ, શાંતિનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત થશે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

# બ્રહ્માકુમારી - બત્રીસા

બ્ર. કુ. કરમશીભાઈ, અમદાવાદ

મેં એક સ્વભાવે સુકન્યા ભાળી છે.
તે સર્વગુણ સંપન્ન બહુ રૂપાળી છે.
તેને બ્રહ્માબાબાએ પ્યારથી પાળી છે.
તેને સફેદ સાડી સુંદર શોભે છે.
તે દિલ દઈ અધ્યાત્મ જ્ઞાન વહાવે છે.
તે ફરકતી ફરિશ્તા ચાલ ચાલે છે.
તે પવિત્ર પંથે મન મેલીને માલે છે.
તે હસતી - રમતી - ફરતી પરી જ છે.
તે ઈશ્વરીય જ્ઞાન વ્યવહારે ખરી જ છે.
તે દેહ-અભિમાનને ઉલેચી જાણે છે.
તે જ્ઞાન-યોગ-બ્રહ્માભોજન પ્યાસી છે.
તે પ્રભુ- જ્ઞાન મંથન થકી પરખાય છે.
તે ઝટ-પટ આત્મિક સેવા કરી જાય છે.
તે ઈશારેથી પ્રભુ યાદ દેતી જાય છે.
તે કહે, છોડો દેહભાન, હવે મોડું થાય છે.
તે પળમાં, જ્ઞાનમુરલી સંભળાવતી જાય છે.

તે પ્રભુ પ્યાર ચપ-ચપ ચાટી જાય છે.
તે માયા પરખી જલદીથી ભરખી જાય છે.
તે વિકાર દેખી ચોગે લાલચોળ થાય છે.
તે લૌકિકે ગોરખપુરી નિવાસી જ છે.
તે પારલૌકિકે પરમપુરી જ નિવાસી છે.
તે કદાપિ યજ્ઞસેવા (રુદ્ર) છોડતી જ નથી.
તે ક્યારેય પણ દુઃખના ગાણા ગાતી નથી.
તે સદા શિવ સાજનની યાદે રહેતી છે.
તે સદાયે વિકારોથી નિર્ભય રહેતી છે.
તે માન-અપમાને કદાપિ ડૂબતી જ નથી.
તે અવગુણોથી કદાપિ લટકતી પણ નથી.
તે તો અર્જુનનો અભિમન્યુ જ છે.
તે તો સદા શિવસાધનાની હિમાયતી છે.
તે તો સંગમયુગે જ્ઞાન-જ્ઞાનેશ્વરી છે.
તે તો સત્યુગની રાજ રાજેશ્વરી છે.
તે તો બ્રહ્માબેટી **'બ્રહ્માકુમારી'** છે.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 12નું અનુસંધાન)... આભારના ભાર**

આપણા માટે કોઈપણ ભેદભાવ રાખ્યા વિના અહર્નિશ કામ કરે છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં જવાનું છે. પરિવાર, બ્રહ્માવત્સોના સંગમાં પ્રકૃતિના ખોળે જઈને આનંદ માણવાનો છે.

## પોઝીટીવ થીંકીંગ

નકારાત્મક પરિસ્થિતિમાં પણ હકારાત્મક કઈ રીતે રહી શકાય તે વિચારો સૌથી ખરાબ સ્થિતિમાં પણ કંઈકને કંઈક પોઝીટીવ રહ્યું જ હોય છે, એને શોધો. રાજયોગ સૌથી મોટી વિશ્રામની પદ્ધતિ છે.

## મૌન અને એકાંત

વ્યસ્ત દિનચર્યામાં એકાંત શોધવાનું છે. જ્યાં અવાજ છે ત્યાં મૌનને શોધવાનું છે. થોડો સમય એકાંતમાં રહી શકીએ એવું આયોજન કરવાનું છે.

॥ ઓમશાંતિ ॥

## દિવ્યદર્શન

# આત્માઓ હવે તો આંખો ખોલો,

## ભારતમાં સ્વયં શિવ ભગવાન આવ્યાં છે.

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

### શિવ ભોલાનાથની જાન (બારાત) પાછી ફરી રહી છે

શિવરાત્રીના સંદર્ભમાં શિવની જાન એટલે કે શિવની બારાતનું વર્ણન કરવું એ અતિ પ્રાસંગિક બની જાય છે. શિવની જાનમાં એટલે કે શિવની બારાતમાં દેવ, માનવ, ગંધર્વ, કિન્નર, જીવ-જંતુ, ભૂત-પ્રેત, જાનવરો આ બધા જ જોડાયેલા હતાં, તેવું શાસ્ત્રોમાં વર્ણન આવે છે. પરંતુ તમને એ સાંભળીને કે જાણીને અત્યંત હર્ષ થશે અને અચરજ લાગશે કે, આપણા સૌના પ્યારા ભોળાનાથ શિવ પરમાત્માની જાન (બારાત) હવે પાછી જવાની તૈયારીમાં છે. અહીં ભાવાર્થ એ છે કે, શિવ ભગવાન જ આ સૃષ્ટિના નિયંતા છે. જેઓ સૃષ્ટિના સર્જન અને સંહાર કરનાર પણ છે. વર્તમાન સમયે પુરુષોત્તમ સંગમયુગમાં તેમનું પુનઃ દિવ્ય અવતરણ થઈ ચૂક્યું છે. હવે ખૂબ નિકટના ભવિષ્યના આવનારા સમયમાં પતિત તમોપ્રધાન સૃષ્ટિનો વિનાશ એટલે કે મહાપરિવર્તન થશે જેમાં પરમાણુ યુદ્ધ, ગૃહયુદ્ધ, દુકાળ, મહામારી, ભૂકંપ, પુરના જેવી પરિસ્થિતિઓ દ્વારા ઝડપથી સમગ્ર માનવ આત્માઓ દેહનો ત્યાગ કરી પરમપિતા શિવ પરમાત્માની સાથે પતંગની જેમ ઉડી પોતાના મૂળ નિવાસસ્થાન પરમધામ પહોંચી જશે. આ યથાર્થને ભક્તિમાં શિવની જાન એટલે કે (બારાત)ના સ્વરૂપમાં પણ ચિત્રિત કરવામાં આવ્યું છે. શિવની જાન (બારાત) તો હવે પાછી ફરવાની છે. તો આવો તે જાનમાં જોડાતા પહેલા મહા-વિનાશમાં આ ભૌતિક દેહનો ત્યાગ કરતા પહેલા આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગ દ્વારા જન્મ-જન્માંતરના પાપ કર્મોથી મુક્ત થઈ જઈએ તો શિવની સાથે શિવની જ જાન (બારાત)માં જવાનો આનંદ મળશે.

### હવે ગીતા અને મહાભારતનું પુનરાવર્તન થઈ રહ્યું છે

ગાયન એવું પણ છે કે, યુદ્ધના મેદાનમાં કૌરવ અને પાંડવ ભાઈઓ-ભાઈઓ એકબીજા સાથે લડયા અને આ યુદ્ધભૂમિમાં ભગવાને માનવકલ્યાણ હેતુ ગીતાનો ઉપદેશ આપ્યો. પરંતુ આપણામાંથી બહુ થોડા લોકો આ સત્ય અર્થને જાણતા નથી. માટે જ સર્વ માનવજાતને ઈશ્વરનો દિવ્ય સંદેશ એ છે કે, પુનઃ મહાભારતકાળનો સમય આવી ચૂક્યો છે, યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે, અને ફરીથી ગીતા જ્ઞાનદાતા શિવ પરમાત્મા શ્રીકૃષ્ણના અંતિમ ૮૪ના જન્મ લીધેલા તનમાં પરકાયા પ્રવેશ કરી, પુનઃ અવતરણ કરી દિવ્ય ગીતાનું જ્ઞાન આપી રહ્યા છે. તે અનુસાર સંસારના સદગુણી પ્રવૃત્તિના બહુ થોડા લોકો પાંડવોની જેમ છે અને વિષયવિકારી, વિધર્મી, દુરાચારી લોગો કૌરવોની તરફ છે. જ્યારે બંને પરમાત્માનાં સંતાન ભાઈ-ભાઈ જ છે. ફક્ત ભારત જ નહીં સંપૂર્ણ વિશ્વમાં સારા-નરસાનું આ ધર્મયુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારે વિજયી તે જ થશે, જે સચ્ચાઈ અને ઈશ્વરને પોતાના સાથી બનાવશે.

## ભગવાન ભાગ્ય વહેંચવા આવ્યા, જુઓ કોઈ રહી ના જાય

ભોલેનાથ શિવ પરમાત્મા સર્વ પ્રાપ્તિઓના અખૂટ ભંડાર અને જન્મ-જન્માંતરનું ભાગ્ય આપવા માટે આવ્યા છે. તેમના માટે નાના-મોટા, સાચા-ખોટા, બધા જ ધર્મના લોકો, બધા જ આત્માઓ એક જ સમાન છે. તે દયાના સાગર, પ્રેમ અને કરુણાના સિંધુ, પરમાત્મા સંપૂર્ણ જગતનું કલ્યાણ કરવાનું ઈચ્છે છે. દરેક આત્માને સુખી અને સંપન્ન બનાવવાનું ઈચ્છે છે. પરંતુ તે પણ વ્યક્તિની પાત્રતા ઉપર આધારિત છે કે, તે પરમાત્મા પાસેથી લોટો ભરીને લે છે કે આખું માટલું ભરે છે. આ વ્યક્તિની યોગ્યતા ઉપર નિર્ભર છે કે, તેનું બુદ્ધિ રૂપી પાત્ર સાગરને પોતાનામાં ભરે છે કે પછી તૂટેલા-ફૂટેલા માટલાની જેમ બધું જ છલકાવી દે છે. કહેવતમાં કહ્યું છે કે, ભોલાનાથનો ભંડારો જ્યાં ભરપૂર હોય, ત્યાં કાળ અને કંટક દૂર હોય. જે આત્માઓને આ ઈશ્વરીય સંદેશ મળ્યો છે હવે તેમનું એ કર્તવ્ય છે કે તેઓ અન્ય આત્માઓ રુપી ભાઈને પરમાત્માની દિવ્ય પ્રાપ્તિ કરાવે. જેથી કોઈ પણ આત્મા આ જ્ઞાન વગર તરસ્યા ના રહી જાય. કોઈ પણ આત્મા ભગવાનના દરબારમાં આવ્યા વગર રહી ના જાય.

## હવે પછી ના કહેશો કે, અમને ખબર ન હતી

શિવપિતા પરમાત્માએ રાજેશ્વર અશ્વમેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની રચના કરી છે. બ્રહ્માબાબાના મુખારવિંદથી જ્ઞાન આપીને તે આત્માઓને પતિતમાંથી પાવન બનાવી રહ્યા છે. સંસ્કારોના પરિવર્તન દ્વારા આ ધરતી પર હવે ખૂબ જ નિકટના ભવિષ્યમાં સ્વર્ણિમ સંસાર આવશે અને તે દુનિયામાં સૌ કોઈ આવી શકે છે. જેના માટે થોડો સમય સ્વયં માટે નિત્ય સવારે અથવા સાંજે આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગનો અભ્યાસ કરવા અવશ્ય ફાળવવો જરૂરી છે. કારણ કે આપણને કોઈને પણ ખબર નથી કે કયા સમયે? કઈ પળે? મહાકાળ આવીને મહાકાલેશ્વર શિવ મહાવિનાશનું ડમરું વગાડશે. એટલે હવે સતયુગમાં જવાની તૈયારીઓ કરવાની છે. પછી એવું ન કહેશો કે અમને ખબર ન હતી. એટલે કે મહાશિવરાત્રીનો ઉત્સવ મનાવીએ પરંતુ તેની સાથે-સાથે જ્ઞાનની જ્યોતિ પણ પ્રગટાવી સંસારમાંથી સદાય અજ્ઞાનતા તથા પાપનો અંત થઈ સ્વર્ણિમ દુનિયાના સુવર્ણ પ્રભાતનો ઉદય થઈ જાય.

તો આવો, પ્રેમના સાગર પરમાત્મા શિવના દિવ્ય જન્મોત્સવ પર આપણે સૌ ભેગા મળીને એકતા અને પ્રેમના સૂત્રમાં રહીને સંકલ્પ કરીએ કે, આપણે સર્વ પ્રતિ સદા શુભભાવના, શુભદ્રષ્ટિ, શુભબોલ બોલીશું. શુભકર્મો દ્વારા સર્વને સુખ આપીશું અને સર્વનું ભલું કરીશું એટલે જલ્દી સુખમય સંસાર સ્વર્ગ આવી જશે.

**॥ ઓમશાંતિ ॥**

- **જ્યાં પ્રસન્નતા અર્થાત્ સંતુષ્ટતા છે ત્યાં સર્વની દુઆઓ છે. જો બીજું કંઈ આવડતું નથી તો કોઈ ચિંતા નહીં. ભાષણ કરતાં આવડતું નથી, સર્વગુણ ધારણ કરવામાં મહેનત લાગે છે, સર્વ શક્તિઓને ધારણ કરવામાં મહેનત લાગે છે તો એને પણ છોડી દો. પરંતુ પ્રસન્નતાને કદી છોડો નહીં.**
- **જ્યારે આપણે કર્મોના ફળથી વૈરાગ્ય પેદા કરીએ છીએ ત્યારે તમામ પરિસ્થિતિમાં સમચિત રહી શકીએ છીએ.**

# વિશ્વ મહિલા દિવસ

## બ્ર.કુ. લીલાબેન, કારેલીબાગ, વડોદરા

સમગ્ર વિશ્વમાં અલગ અલગ ડે મનાવવામાં આવે છે. મધર્સ ડે, ફાધર્સ ડે, વેલેન્ટાઈન ડે, વિશ્વ યોગ ડે, વિશ્વ આરોગ્ય ડે વગેરે. આ બધાજ દિવસોની ઉજવણીમાં શિરમોર સમો દિવસ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. જે પ્રત્યેક વર્ષે પુરા વિશ્વમાં માર્ચ મહિનાની આઠમી તારીખે ઉજવવામાં આવે છે.

નારી શક્તિ માટે અનેક સંબોધન છે. નારી તું ના હારી. નારી તું નારાયણી, યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમયન્તે તત્ર દેવતાઃ જ્યાં નારીનું પૂજન રૂપે સન્માન થાય છે ત્યાં સ્વાભાવિક રીતે જ દેવતાઓનો વસવાટ હોય છે. એક રૂપે ઘર, ઘર ન રહેતા મંદિર બની જાય છે. દુનિયા બનાવ્યા પછી પરમાત્માએ પોતાની જવાબદારીનું વહન કરવા નારીને સહભાગી બનાવી. સ્ત્રીને અંગ્રેજીમાં WOMEN કહે છે. વુમન શબ્દ પોતે જ પોતાને ચરિતાર્થ કરે છે. કહે છે કે મારામાં જ મેન + વુમન સમાયલો છે. સાદો અર્થ એજ થાય કે નારી સ્ત્રી તથા પુરુષ એ બંનેની બેવડી જવાબદારી સુચારુ રૂપે નિભાવી શકે છે.

સૌ પ્રથમ મહિલા દિવસ ઉજવવાની શરૂઆત અમેરિકાના ન્યુયોર્ક શહેરથી થઈ. એ જમાનામાં સ્ત્રી-પુરુષ પ્રત્યે ભેદભાવ દાખવવામાં આવતો. બંનેના વેતનમાં સમાનતા ન હતી પણ કામ તો સરખુ જ કરવું પડતું. સ્ત્રીઓને પોતાના અધિકારથી વંચિત રાખવામાં આવતી એટલે સુધી કે તેમને મત આપવાનો અધિકાર પણ નહોતો આપવામાં આવતો. અત્યંત શોષણ પરસ્ત નારીઓ અંદર અંદર ધુંઆપુંઆ થવા લાગી અને અંદરનો આક્રોશ ચિનગારી બની આગ સ્વરૂપે પ્રગટવા લાગ્યો. પરિણામ સ્વરૂપ 1908માં ન્યુયોર્ક શહેરમાં સમાન વેતન + વોટના અધિકાર માટે મજદૂર આંદોલનના શ્રીગણશે થયાં. 15000 મહિલાઓ દ્વારા રેલી કાઢવામાં આવી. સ્ત્રીઓ સફળતાને વરી. 1975થી 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી સત્તાવાર જાહરે થઈ, જે આજ પર્યંત ચાલુ જ છે.

વૈદિક કાળમાં પંડિતા ગાર્ગી જેવી વિદ્વાન મહિલાઓ થઈ ગઈ. આપણા દેશના પ્રધાનમંત્રી પદે બિરાજમાન શ્રીમતી ઇન્દિરા ગાંધી તથા રાષ્ટ્રપતિનો તખ્ત શોભાવનાર શ્રીમતી પ્રતિભા પાટીલ, અને વર્તમાન રાષ્ટ્રપતિ આદરણીયા દ્રૌપદી મુર્મુ, મજબૂત રાષ્ટ્રીય લીડર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, કોકિલ કંઠી મહાન ગાયિકા લતા મંગેશકર, રમત વીરાંગનાં સાયના નેહવાલ, સ્પેશ યાત્રી કલ્પના ચાવલા, સુનિતા વગેરે નારી શક્તિના ઉદાહરણો છે.

એક સુશોભિત માળા બનાવવા હઝારો ખુશ્બુદાર ફૂલો આવશ્યક છે. હઝારો દીપકો પ્રગટાવીએ ત્યારે આરતીની રચના થાય છે. પણ ઘરને ઘર બનાવવા સાચા અર્થમાં એક શસક્ત મહિલા જ પૂરતી છે. સ્ત્રી જ્યારે મહાન કાર્ય કરે છે ત્યારે તેની યશગાથાની મહેંક ચારે બાજુ ફેલાય છે. લોકો પ્રશ્ન કરે છે કયા કુળની દીકરી છે અને કયા ખાનદાનની વહુ છે. પોતાના કર્તવ્યથી બંને કુળોને તારે છે.પોતાની સાથે સાથે પિયર પક્ષ અને શ્વસરુ પક્ષ બંનેની કીર્તિમાં ચાર ચાંદ લગાવે છે.

લૌકિક આકાશમાં ચમકતાં તારલા જોયાં. ચાલો હવે રુહાની ઉડાન ભરીએ. અલૌકિક તારલાઓના દર્શન કરીયે. દાદી જાનકી, દાદી

હૃદયમોહિની, દાદી રતનમોહિની, દાદી પ્રકાશમણિ, જયંતીબેન, આશાદીદી, ઉષાબેન વગેરે વગેરે અનકે આત્માઓ છે જેમણે રુહાની યાત્રામાં ઊંચી ઉડાન ભરી અને વિશ્વ કલ્યાણ અર્થે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. પ્રખર વક્તા શિવાનીબેનને કેમ ભૂલાય? તર્ક સભર મીઠી વાણી દ્વારા અનેક આત્માઓના કલ્યાણના નિમિત્ત બન્યાં. અમદાવાદ નિવાસી બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. નંદિનીબેનને કેમ ભુલાય? જે ગુજરાતી જ્ઞાનામૃતના પ્રચાર-પ્રસાર અર્થે સહભાગી થઈ સેવા આપે છે.

આ તમામ યશગાથાના શ્રેયના અસલ ભાગીદાર તો દાદા લેખરાજ છે. એ જમાનામાં સ્ત્રીઓના હક્કની માંગણી તો શું તેમના અધિકાર વિશે વાત કરવી પણ પ્રતિબંધિત હતું તે જમાનામાં દાદા લેખરાજની લીડરશિપમાં 1937માં ઓમ મંડળીની સ્થાપના પાકિસ્તાનના કરાંચીમાં થઈ. બહેનો-માતાઓનું રાતોરાત ભાગ્ય પરિવર્તન થઈ ગયું. આધ્યા-ત્મિકતાના પાયાની નીંવ નંખાઈ ગઈ. માતાઓને આગળ કરી અને સ્વઉન્નતિથી લઈ વિશ્વ ઉન્નતિની તમામ જવાબદારી માતાઓને સોંપી. રસ્તા પરની ધૂળને માથાનું તિલક બનાવ્યું. આજ પર્યંત માતાઓએ જવાબદારી વહન કરી રહી છે. નારીશક્તિ હવે શિવશક્તિ બની પૂરા વિશ્વને અજવાળી રહી છે. ધન્ય છે નારી અને નારીશક્તિ. ॥ઓમશાંતિ॥

# શિવ લખાવે ખત

**બ્ર. કુ. જૂનાગઢ**

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત્,
બ્રહ્માના હાથે, શિવ લખાવે ખત,
ગગો એનો કલયુગ ગામે, અંધારામાં દેહભાઈ નામે.
લખ્ય કે ભાઈ! ૬૩ જન્મમાં પહોંચી નથી એક યાદ
કાગળની એક ચબરખી પણ, તને મળી નથી દેહભાઈ !
સમાચાર સાંભળી તારા, કેવું મારે કેટલા દ્હાડા ?
બ્રહ્માનો હાથ લખે છે કે, દેહભાઈ રોજ મને ભેળો થાય,
દિન આખો જાય કમાવવા, ખેંચવા રાતે વીશીમાં ખાય,
નિત નવાં લૂગડાં પહેરે, પાણી જેમ પૈસા વેરે.
વીશીનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચી-ખૂટનું માપ,
દવાદારૂના દોકડામાં, જીવન કેમ ગુજારશું !
કાયા તારી રાખજે રૂડી, ગરીબની ઈ જ છે મૂડી.
ખોરડું ને ખેતર ઘણા, પણ કૂબામાં કરજે વાસ,
જારનો રોટલો જડે તોય રાજી ને હર્ષ ઉલ્લાસ,
તારે બાંધવાનું ૨૧ જન્મનું ભાણું, તેથી નિત્ય જ્ઞાનથી નાવું.
દેખતી તે દી-રાત, જીવતો દેહભાનથી ઠાઠ-માઠ,
જ્ઞાન વિનાનાં નયનહીનને, હવે કોઇ ન આપે માન,
મારે ગામ જ્ઞાનનાં દીવા, મારે આંહીં અમૃત પીવાં.
લિખિતંગ તારી બ્રહ્મા માના, વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી સમયનું ટાણું, ખૂટી છે માનવતાનો સાર,
હવે નથી કળયુગમાં જીવવા આરો,
આવ્યો છે નજીક વિનાશનો નઝારો.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ફેબ્રુઆરી–૨૦૨૩ માસની શબ્દાવલી ભાગ–૩૯ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૪૦ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં એપ્રિલ–૨૦૨૪ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૪૦ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી - ભાગ-૪૦

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | | 4 | | 5 | | 6 |
| 7 | | | | | 8 | 9 | | | |
| 10 | | | 11 | 12 | | | | 13 | |
| | | | 14 | | | 15 | 16 | | |
| 17 | 18 | | | | | 19 | | | |
| 20 | | | | | 21 | | 22 | | |
| | 23 | | 24 | 25 | | | | 26 | 27 |
| 28 | | | 29 | | | | 30 | | |
| | | 31 | | | | 32 | | | |
| 33 | | | | | 34 | | | | |

### શબ્દાવલી ભાગ-૩૯ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ભો | 2 લી | 3 દા | દી | | 4 સં | 5 ગ | મ | 6 યુ | ગ |
| 7 ગ | ર | મ | | 8 અં | જી | ર | | ગ | |
| | મુ | | | 9 જા | વ | ક | | 10 લ | 11 તા |
| 12 મૂ | | 13 સે | રી | મ | ની | | 14 ફુ | | જ |
| લ | | વા | | | 15 બુ | લે | ટી | ન | |
| 16 વ | સુ | ધા | | 17 મિ | ટી | | યાં | | 18 શ |
| ત | | 19 રી | 20 વ | ર | | 21 ન | | | બ્દા |
| 22 ન | 23 વ | | 24 દ | ર | 25 બા | ર | | 26 ના | વ |
| | 27 દ | હ | ન | | 28 મ | મ | રા | | લી |

**આડી ચાવીઓ –**

૧. શિવજયંતી (૬)
૫. રંગોનો તહેવાર (૩)
૭. ઉંચો પહાડ (૨)
૮. સારુંકાર્ય (૩)
૧૦. મૂક્કો મારવો (૨)
૧૧. અમૂલ્ય, કિંમતી (૪)
૧૩. બરણી (૨)
૧૪. બલિહાર (૨)
૧૫. હવા (૩)
૧૭. જંગલમાં વસનાર (૪)
૧૯. સ્વીટ સાથે ..... હોય (૪)
૨૦. સાહેબ (૨)
૨૨. દાન શબ્દને ઉંધો લખો (૨)
૨૩. MP શબ્દનું આખું નામ (૫)
૨૬. એક ..... દુવા કા હમ જલાયે (૨)
૨૯. યજ્ઞ (૩)
૩૧. ચતુરાઈ (૩)
૩૨. પહેલા બે અક્ષર એટલે પાણી, પછીના બે અક્ષર એટલે નદીનું નામ (૪)
૩૩. બિંદુ (૨)
૩૪. ઝળહળતું (૩)

**ઊભી ચાવીઓ –**

૧. ૮ માર્ચનો દિવસ (૬)
૨. પરિસ્થિતિ (૩)
૩. એ .... તુમ્હે બચ્ચે બુલાતે હૈ (૫)
૪. દેવી–દેવતાઓનું શસ્ત્ર (૩)
૫. લગન (૨)
૬. શિક્ષક (૩)
૯. જુનું, પૂરાણું (૪)
૧૨. ચિંતા (૨)
૧૩. યજ્ઞના મહાન વિભૂતિ (૫)
૧૬. વોમિટ, ઉલટી (૩)
૧૮. પોચું, મુલાયમ (૩)
૨૧. પ્રસિધ્ધ (૩)
૨૪. બાળભક્ત (૪)
૨૫. કૃષ્ણની માતા (૩)
૨૭. સ્મારક (૪)
૨૮. માર્ચ મહીનામાં ખીલતું એક ફુલ (૩)
૩૦. ..... સો માલિક (૩)
૩૨. તન, મન, ધન અને ..... (૨)




શહેરામાં આયોજીત ૭૫માં 'પ્રજાસત્તાક દિન'ની તાલુકા કક્ષાની ઉજવણી કાર્યક્રમમાં મામલતદાર ભ્રાતા ધર્મેન્દ્રકુમાર પટેલ, તાલુકા વિકાસ અધિકારી ભ્રાતા પાર્થભાઈ સાથે બ્ર.કુ. રતનબેન.



બાલાગામ સેવાકેન્દ્રમાં પધારેલ બાલાજી હનુમાન મંદિરના મહંત સ્વામી વિવેકાનંદજી મહારાજને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. રૂપાબેન બાજુમાં બ્ર.કુ. ગીતાબેન.



માંજલપુર સેવાકેન્દ્ર દ્વારા અયોધ્યાના રામ મંદિર નિર્માણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આયોજીત ઝાંખીનું દૃશ્ય.




પાસોદરામાં 'રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા' નિમિત્તે આયોજીત રેલી અને ઝાંખીના પાત્રો સાથે ડૉ.વિજયભાઈ બુતાની, ભ્રાતા ભરતભાઈ સાથે બ્ર.કુ. હર્ષાબેન.



સુરત સેન્ટ્રલ ST બસ ડેપોમાં ડ્રાઈવર ડે નિમિત્તે 'વ્યસન મુક્તિ' કાર્યક્રમમાં ડ્રાઈવરોનું સન્માન કર્યા બાદ ડેપો મેનેજર ભ્રાતા બલરામભાઈ તથા ડ્રાઈવર ભાઈઓ સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



ઉમરગામમાં 'ચૈતન્ય ઝાંખી અને પ્રદર્શન'માં સરપંચ ભગિની સ્વીટીબેન બારીયા, બારીયા સમાજના પ્રમુખ ભ્રાતા સુરેશભાઈ તથા ગ્રામજનોને પ્રદર્શની સમજાવતાં બ્ર.કુ. ચેતનાબેન.



નવસારી સેવાકેન્દ્ર ઉપર યોગ તપસ્યા ભઠ્ઠી માટે આફ્રિકાથી પધારેલ બ્ર.કુ. પ્રતિભાબેન સાથે યોગી બ્રહ્માવત્સો.



રાજુલા સેવાકેન્દ્ર ખાતે MLA ભ્રાતા અમરીશભાઈ ડેરને પ્રભુપ્રસાદ આપતાં આબુથી પધારેલ બ્ર.કુ. ઉષાબેન બાજુમાં બ્ર.કુ. અનુબેન.

**Gyan Amrit** Vol.17 | Issue 03 | March 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ધરમપુર ખાતે પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુનું સ્વાગત અભિવાદન કરતાં બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. કાંતાબેન, બ્ર.કુ. પ્રભાલત્તાબેન, બ્ર.કુ. પારૂલબેન, બ્ર.કુ. વિનુભાઈ.



રાજકોટની પાસે ટંકારામાં ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુના આગમન સમયે સ્વાગત કરતાં બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. જુલીબેન.



સુરતમાં પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુની સાથે શુભેચ્છા મુલાકાત બાદ મોમેન્ટો અર્પણ કરતાં બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ. મયુરીબેન, બ્ર.કુ. કૌશિકાબેન, બ્ર.કુ. સરોજબેન અને બ્ર.કુ. શારદાબેન.



નડિયાદ સેવાકેન્દ્રના સુવર્ણ જયંતી (૫૦)પ્રસંગે આયોજીત દિવ્ય રત્ન સ્નેહમિલનમાં અધિક મુખ્ય પ્રશાસિકા આદરણીય જયંતી દીદીજી, બ્ર.કુ. પૂર્ણિમાબેન, જયપુરના બ્ર.કુ. સુષ્માબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. સંધ્યાબેન, બ્ર.કુ. બિપિનભાઈ તથા અન્ય.




વડોદરા અટલાદરા ખાતે આયોજીત 'પ્રભુ કન્યા અર્પણ સમારોહ'માં સર્મપણ વિધિમાં ૬ કન્યાઓ સાથે આયોજીત કાર્યક્રમમાં પધારેલ મુખ્ય અતિથિ વડોદરા ગાયકવાડ રાજવી પરિવારના રાજમાતા શુભાંગિની રાજે સાહેબ ગાયકવાડને ઈશ્વરીય સૌગાત આપતા સંસ્થાના અધિક મુખ્ય પ્રશાસિકા આદરણીય જયંતી દીદીજી સાથે બ્ર.કુ. અરૂણાબેન તથા બ્ર.કુ. રાજબેન અને સમારોહમાં આશીર્વચન આપતાં આદરણીય જયંતી દીદીજી સાથે ઉપસ્થિત આમંત્રિત વિશિષ્ઠ અતિથિગણ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com